R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 14 • PAGES : 44 • MUMBAI • DATE : 20TH MAY 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

# MICROFINISH

**Pumps • Valves • Automation**




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.


**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# શ્રદ્ધાંજલિ



જન્મ
૯.૬.૧૯૪૬

અરિહંતશરણ
૩૦.૩.૨૦૨૧

## સ્વ. શ્રી હિરાચંદ વેલજી છેડા

(સુથરી, હાલ મુલુંડ)

નથી હયાત પણ સાથે છો એવું હંમેશા લાગ્યા કરશે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે,
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ રીતે સદાય દર્શન થયા કરશે.

**: શોકાતુર પરિવાર :**

| | |
|---|---|
| માતા પિતા | : માતુશ્રી હીરબાઈ વેલજી ઘેલાભાઈ છેડા (સુથરી) |
| સાસુ સસરા | : માતુશ્રી પુરબાઈ મુલજી ગંગાજર પીર (નલિયા) |
| પત્ની | : શ્રીમતી મધુરી હિરાચંદ છેડા |
| પુત્રી જમાઈ | : અ. સૌ. રીના લાજેશ લોડયા |
| | અ. સૌ. હેતલ મેહુલ ધરમશી |
| | અ. સૌ. નિકીતા નિમેષ લાપસીયા |
| વેવાણ વેવાઈ | : સ્વ. ગુણવતી જયચંદ માણેકજી લોડાયા (કોઠારા) |
| | અ. સૌ. નલીની ખુશાલચંદ ધનજી ધરમશી (સુથરી) |
| | અ. સૌ. રેખા જીતેન્દ્ર મોતીલાલ લાપસીયા (રંગપુર) |
| બહેન-બનેવી | : માતુશ્રી દમયંતી ચીમનલાલ નાગડા (નલિયા) |
| ભાઈ-ભાભી | : શ્રીમતી હર્ષા નવિન વેલજી છેડા, અ. સૌ. તરલા વિજય વેલજી છેડા |
| ભાણેજ-ભાણેજ વહુ | : અ. સૌ. સાધના સંજય ચીમનલાલ નાગડા |
| સાળા-સાળાવેલી | : અ. સૌ. મીરા દિનેશ પીર, અ. સૌ. કલ્પના પ્રતાપ પીર |
| સાળી | : અ. સૌ. કાશ્મીરા જયરાજ કાયાણી |
| દોહિત્ર-દોહિત્રી | : હેમાંશી, ઈન્દર, જીનલ, હર્ષલ, તન્વી, કેયાન |
| પૌત્ર-પૌત્રવહુ | : અ. સૌ. ધ્વની નિશાંત નાગડા, |
| પૌત્રી | : ભૈરવી સંજય નાગડા |

**FIBROL NON - IONICS PVT. LTD.**
**FIBERS AND CHEMICALS**

# શ્રી નલીયા મહાજન

## કચ્છી કોહીનુર કવિ
## તેજ ને
## કાવ્યાંજલી...

કચ્છીયતના ધબકારને
જેમણે સદાય ધબકતો રાખ્યો...
એવા કચ્છી સાહિત્યસમ્રાટ એવમ્
શ્રી નલીયા મહાજનના ભૂતપૂર્વ ટ્રસ્ટી
શ્રી તેજપાલભાઈની સેવા
સદાય ચીરસ્મરણીય રહેશે...



કચ્છી કવિયતના કોહીનુર

**શ્રી તેજપાલ ધારશી નાગડા (શાહ)**

નલીયા - ગાંધીધામ

સૂર્યાસ્ત : તા. ૧૬-૪-૨૦૨૧

છલકયો સિંધુ છલકાઈ સરિતા, છલક્યાં સઘળે નીર...
છલક છલક છલ હૈયુ છલકાયું, વાગ્યા કામણગારા તીર...
ચક્ષુ, ઓષ્ઠને હૈયે ભેજ, વીજળીના ચમકારા તેજ...
આંખોમાં વહેતી અમીરસધારા, હૃદયે વહેતા તેજના ગીત...



સીધોને સાદો અલગારી આતમજો,
હીંયેકે હંમેશા હકલમે રખે તો
કરિસ્મો કરીને હી ફરિસ્તો ફરેતો
તેજ કચ્છને કચ્છીએ જે હિયેમે વસેતો

**નલીયાનો ચમકતો સિતારો...**

ગુજરાત સરકાર તરફથી કચ્છી સાહિત્ય એકેડમી માટે

**ગૌરવ પુરસ્કાર**

અને

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન તરફથી ચતુર્થ સંમેલનમાં

**જ્ઞાતિભૂષણ**

તથા અન્ય અસંખ્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ...

લિ. :
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલીયા
શ્રી પાંજરાપોળ ગૌશાલા ચેરીટેબલ ટ્રસ્ટ નલીયા
ટ્રસ્ટીઓ, અધિકારીગણ તથા સમસ્ત ગામવાસીઓ

# શ્રદ્ધાંજલિ



જન્મ :
૬.૩.૧૯૪૪

અરિહંતશરણ
૧૫.૩.૨૦૨૧

## સ્વ. ડાયમંડ દામજી જેઠાભાઈ મૈશેરી

ગામ : બાંઢીયા, હાલ : ભાંડુપ

આસમાનથી ખરી પડ્યો તેજસ્વી તારો,
કદી ભુલાય નહિં હસમુખ ચહેરો તમારો,
હવે નહીં મળે અમને આપનો આવો સંગ મજાનો.

સેવા અને સાદગીના ગુણ ધરાવનાર એ સ્નેહમૂર્તિને પરમાત્મા ચિરઃશાંતિ આપજો.

**: હરપળ યાદ કરનાર શોકાતુર :**

અ. સૌ. સપના હિતેન મહેન્દ્ર ધરમશી – મો. ૮૩૫૬૯ ૨૧૦૯૪
અ. સૌ. કોમલ અર્પણ જોષી – મો. ૯૩૨૦૬ ૪૧૯૪૭
કુ. યુક્તા ધરમશી, કુ. ઉર્જા જોષી
માતુશ્રી જમકુબાઈ હંસરાજ કુંવરજી ભઠારા પરિવાર, નલિયા
શ્રી દામજી જેઠાભાઈ મૈશેરી પરિવાર, બાંઢીયા
શ્રી રતીલાલ પદમશી નાગડા પરિવાર, નલિયા

ટેલીફોન અને વોટ્સએપ દ્વારા દિલાસો આપનાર સર્વે હિતેચ્છુઓ / મિત્રો / જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક આભાર...

રહેઠાણ : બી-૯૦૩, છેડા હાઈટ્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૮.

જો પુણ્ય પ્રગટે, તો માનવ દેહ મળે

જો વિશેષ પુણ્ય પ્રગટે, તો જૈન ધર્મ મળે ને

જો ભગવાન એ પોતે આશીર્વાદ આપ્યા હોય તો



# ભા ને ભાભી મળે

લગ્ન જીવન ની 50 મી વર્ષગાંઠની ખૂબ ખૂબ શુભકામનાઓ.. તમારા જીવનમાં આવનાર વર્ષો આનંદ સ્નેહ અને પ્રેમ થી ભરપૂર રહે એવી શુભેચ્છા



HAPPY 50th • ANNIVERSARY •

## MRS. VIJYA & MR. VIRCHAND SHAH, Date : 17/05/2021

Blessings : **Matushree Khetbai Champshi Dharamshi & Family**
**Matushree Laxmibai Velji Lodaya & Family**

Best compliments :
**Laxmi Agency**
**Ma Om Transport Parivahan Pvt. Ltd.**
**Beeglobal Shipping and Logistics Pvt. Ltd.**
**Arteviola Space Design**

Best regards :
**Naresh Vinodbhai Savla**
**Tejas Pravinbhai Shah**

તંત્રી સ્થાનેથી

# શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારની ખૂબ ખૂબ અનુમોદના

– ડૉ. હીરાચંદ દંડ



**अपने लिए जियें तो क्या जिये ?**
**अए दिल तू औरोंके लिए भी जी ।**

મને લાગે છે કે સ્વ. શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી - વરલી) તેમના પરિવારજનોને ઉપરોક્ત પંક્તિઓને અનુસરવાનું કહી ગયા હશે. તેમનો પરિવાર આપણી જ્ઞાતિ માટે અનેક કાર્યો કોઈપણ જાતના પ્રચાર - પ્રસિદ્ધિ વિના કરી રહ્યું છે પણ આ પરિવારે હાલના કોરોનાના કપરા કાળમાં ભારતમાં ક્યાંય પણ વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનોને સહાયરૂપ થવા અભિયાન આદર્યું છે એની નોંધ લેવી એ પ્રકાશ સમીક્ષાની ફરજ છે. આર. એચ. ડી. (રાયચંદ હંસરાજ ધરમશી) ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિજનોને એક નિવેદન કરવામાં આવ્યું છે કે ટ્રસ્ટ તેમને આર્થિક સહાય આપવા તત્પર છે. દરેક ઈચ્છુક પરિવારને મે-જુન-જુલાઈ-૨૦૨૧ એમ ત્રણ મહિના માટે પ્રતિમાસ રૂા. ૫૦૦૦/- (કુલ્લ રૂા. ૧૫૦૦૦/-) સહાય આપવામાં આવશે. અંદાજે ૧૫૦૦થી વધુ જેટલા ક.દ.ઓ. પરિવારો આ સાધર્મિક ભક્તિનો લાભ લેશે એવી ધારણા છે.

શ્રી રાયચંદભાઈ ખૂબજ ઉદાર દાનવીર હતા અને તેમણે આપણી જ્ઞાતિની અનેક સંસ્થાઓને માતબર રકમના દાન આપ્યા હતા. તેઓ ખૂબજ ધાર્મિક પ્રકૃતિના તથા જિનશાસનના મૂળભૂત સિદ્ધાંતોને વરેલા હતા. તેઓએ માતબર દાન આપવાની સાથોસાથ અનેક દેરાસરોના જીર્ણોદ્ધારમાં પણ સક્રિય ભૂમિકા નિભાવી હતી. તેમના પરિવારજનોએ પણ રાયચંદભાઈની ખાનદાની પરંપરાને જાળવી રાખી છે અને જ્ઞાતિની અનેક સંસ્થાઓ સાથે જોડાઈને જે તે સંસ્થાની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સહભાગી બને છે.

શ્રી રાયચંદભાઈના પરિવાર તરફથી આપવામાં આવેલા નિવેદનમાં આપણા જ્ઞાતિજનોને વિના સંકોચે આગળ આવી સાધર્મિક ભક્તિનો સ્વીકાર કરવા ખૂબજ વિનમ્રભાવે અપીલ કરવામાં આવી છે જે આપ સૌએ વાંચવી જ જોઈએ.

અનેક ક.દ.ઓ. મહાજનો તથા અન્ય સંસ્થાઓ પણ કોરોના સંક્રમણ દરમ્યાન જ્ઞાતિજનોને સહાયતા આપવા આગળ આવ્યા છે. આપણા જે પણ ભાઈ-બહેનો લોકડાઉનના કારણે પગારમાં કપાત, ધંધો બંધ આથવા ઓછો થવો, રોકડની પ્રવાહિતા જેવી અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોય તેમણે શરમના માર્યા કે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યા વિના તેમને સહાયરૂપ થવાના પ્રસ્તાવોનો સ્વીકાર કરવો જોઈએ અને ભવિષ્યમાં જ્યારે પણ આર્થિક સ્થિતિ સારી થાય ત્યારે જો અનુકુળતા હોય તો એ રકમ જ્ઞાતિ સંસ્થાઓને દાનમાં પરત આપવી જોઈએ.

શ્રી ક.દ.ઓ જૈન અભ્યુદય ટ્રસ્ટ, જામનગર તરફથી કોરોના પેશન્ટને ફ્રીમાં રહેવાનું તથા જમવાનું અપાય છે. શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા કોરોનાના લક્ષણો જણાતા હોય તેમને ફ્રીમાં ઓનલાઈન સલાહસૂચન અપાય છે. તેમના દ્વારા શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના સહયોગથી ઓક્સિજન બેંક આપણા જ્ઞાતિજનોના લાભાર્થે શરૂ કરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા સ્કેન માટે રૂા. ૧૫૦૦/- સહાયરૂપે અપાય છે. શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા ઘરે રહીને ઉપચાર કરાવતા કોરોનાના દરદીને રૂા. ૧૦૦૦૦/-ની તથા હોસ્પિટલમાં દાખલ થયેલા કોરોનાના દર્દીને રૂા. ૫૦૦૦૦/-ની મદદ અપાય છે. આ બધી સહાયતામાં ૫૦% રકમનો ફાળો શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારનો છે. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ દ્વારા પણ કોરોના દરદીઓને

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના  ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા  કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના  પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા  શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**: ઑડિટર્સ :**

CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૧૪, તા. ૨૦-૦૫-૨૦૨૧**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

ખોરાક, દવા, ઓક્સિજન, ડૉક્ટરી સલાહ તથા સરકારી હૉસ્પિટલમાં એડમિશન માટે મદદ અપાય છે. શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબીવલી પણ કોરોના ટેસ્ટની ફી, વેકસીન લેવા માટેનું રજીસ્ટ્રેશન વગેરે માટે મદદરૂપ થઈ રહ્યું છે. શ્રી કે.ડી.ઓ જૈન સંઘ – ભાડુંપ દ્વારા ભાંડુપમાં રહેતા જરૂરતમંદ જ્ઞાતિજનોને રાશન કિટ અપાય છે. સર્વોદય મંડળ – મુલુંડ દ્વારા કોરોનાના દરદીને તથા પરિવારજનોને ટીફીન સેવા તેમજ જરૂરતમંદ પરિવારોને રાશનકિટ આપવામાં આવે છે.

મને એ વાતની નોંધ લેતા ખૂબજ ખુશી થાય છે કે આવા કપરા કાળમાં આપણા જ્ઞાતિજનો અન્ય જ્ઞાતિજનોને મદદરૂપ થવા સદૈવ તત્પર છે. જ્ઞાતિને સમર્પિત ઉપરોક્ત બધી જ સંસ્થાઓના ટ્રસ્ટીઓ તથા પદાધિકારીઓની જ્ઞાતિસેવા પ્રશસંનીય છે.

આપ સૌને વિનંતી છે કે સંક્રમણની આ બીજી લહેરથી બચવા ઘરમાં રહો, સુરક્ષિત રહો. સુરક્ષાના બધા જ નિયમોનું પાલન કરો. એક વાત નોંધવી રહી કે જ્ઞાતિજનોને આર્થિક રીતે મદદરૂપ થવા આપણી સંસ્થાઓ તથા દાનવીરો આગળ આવશે, પરંતુ હૉસ્પિટલમાં બેડ મેળવવા માટે તેઓ ઈચ્છશે તો પણ મદદરૂપ નહિં થઈ શકે એવી સ્થિતિમાં પોતાની તથા પોતાના પરિવજરોની સંભાળ લો. વિકટ સમય જરૂર નીકળી જશે અને આપણો દેશ કોરોના મુક્ત બનશે એવી આશા રાખું છું.

**અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુધર્મા પાટોત્સવને અનુલક્ષીને પ્રકાશિત પ્રકાશ સમીક્ષાના વિશેષાંકનાં વિમોચન પ્રસંગે પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રી સાથે પ. પૂ. આ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. શ્રી હેમચંદ્રસાગરજી મ.સા., એડ. ઉદય લાલજી શાહ – મોટી સિંધોડી (મુલુંડ), શ્રી ચીમન મેઘજી મોતા (પૂર્વ પ્રમુખ, શ્રી સમસ્ત મહાજન), શ્રી નયન અશોક ભેદા (પ્રમુખ, શ્રી મુંબઈ મહાજન), શ્રી મનોજ દામજી લોડાયા (ટ્રસ્ટી, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ) અને શ્રી પ્રવિણ ટોકરશી લોડાયા (શ્રી અખીલ ભારત અચલગચ્છ સંઘ)**






U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS




OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189

**ગુરૂ પ્રકાશ**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ અને અચલગચ્છ



– અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.

**અચલગચ્છનો વિદ્યમાન શ્રમણ-શ્રમણી સમુદાય એ શ્રી ક.દ.ઓ. જ્ઞાતિય ઉપાધ્યાય શ્રી રત્નસાગરજી ગણિવર્યની સુવિહીત ઉપાધ્યાય પરંપરાનો છે, જેમણે ૭૪ મા પટ્ટધર અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી. જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા. ની ૭૫-૭૬-૭૭ મી પરંપરાએ પ્રસ્થાપિત થઈ નામશેષ થઈ જતા ગચ્છને નવચેતના બક્ષેલ છે.**

**તેવી જ રીતે સં. ૧૯૪૯ માં ૭૫ મા પટ્ટધર અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા. (તે વખતે મુનિશ્રી) હસ્તે દીક્ષિત સાંધાણના ક.દ.ઓ. જ્ઞાતિય પ્રથમ મહતરા મુખ્યા સા. શ્રી શિવશ્રીજીના પરિવાર રૂપે ૧૨૮ વર્ષોમાં થયેલા અને વિદ્યમાન છે તે કામણ સમુદાય વિદ્યમાનમાં વિચરી રહેલ છે. ધન્ય જ્ઞાતિ ... ધન્ય પૂર્વજો..**

જેમ દૂરબીનથી જોવાય તો દૂરનું દ્રશ્ય નજીક ને સારી રીતે જોવાય છે તેમ પ્રામાણિક ઈતિહાસ -વંશાવલિઓ વિ. થી જાણી શકાય છે કે વિધિપક્ષ અચલગચ્છના આદ્યગુરૂવર્યો શ્રી આર્યરક્ષિતસૂરિજી-જયસિંહસૂરિજી આદિએ પોતાના પવિત્ર ચારિત્ર્ય, આચાર વિચારોથી કઈ લાખ રજપૂતો ક્ષત્રિયોને જૈન બનાવી જે તે સમયના મહાજનો (અગ્રણી વ્યક્તિઓ)માં (રોટી-બેટી વ્યવહાર આદિ) સંમિલિત કરાવી સેંકડો પરિવારોને જૈનધર્મમાં સ્થિર કરી સેંકડો ગોત્રોને પ્રતિબોધિત કર્યા હતા. જેના પરિણામોથી નવ-નવ શતાબ્દિઓ વીતવા છતાં આજે સેંકડો ગોત્રજનોમાં અચલગચ્છ શ્વે. જૈન સમાચારી પાલન વિસ્તારથી જોઈ શકાય છે. જે ગોત્ર પરિવારો પરંપરાઓ ભારતના દરેક રાજ્યો શહેરો ગામ નગરોમાં આજે પણ વિદ્યમાન છે. અચલગચ્છના મર્યાદિત શ્રમણોનું મર્યાદિત ક્ષેત્રોમાં વિચરણના કારણે કે જે તે સમયે ગુરૂઓના અભાવે ગચ્છ સમાચારીનું પરિવર્તન પણ મોટા પ્રમાણમાં જોઈ શકાય છે. આમ ગચ્છની ચડતી પડતી બહુધા શ્રમણ વિહારો તેઓના ઉપદેશ-પુરૂષાર્થને આધિન છે એમ માની શકાય. પરિણામે અનેક શહેરોમાં ગચ્છના પ્રાચીન દેરાસરો, ગોત્રો, શ્રાવકોએ ભરાવેલા જિનબિંબો, પ્રતિષ્ઠા, લેખો, શિલાલેખો, પ્રાચીન રચનાઓ, ગ્રંથ લેખન અંતે પુસ્તિકા લેખો, વંશાવલિઓ આદિ આધારે જાણી શકાય છે.

પંજાબ-રાજસ્થાનાદિથી સિંઘ થર પારકર (પાકિસ્તાન) અને ત્યાંથી પુનઃ રાજસ્થાન બનાસકાંઠા ઉત્તર ગુજરાત-વાગડ-હાલાર (જામનગરાદિ) તથા કચ્છમાં એ પૂર્વના પરિવારોનું જે તે સ્થિતિઓ આધારે સ્થળાંતર થયું અને વર્તમાનમાં ભારત વ્યાપી આ જબ્બર પરિવર્તન કુદરત આધિન માની શકાય.

રાજસ્થાનથી સિંઘ અને ત્યાંથી કચ્છ પ્રવેશના ૫૦૦-૪૫૦ વર્ષોના ગાળામાં પ્રાકૃતિક આપદાઓ વચ્ચે રોજગારમાં ખેતીવાડી-પશુપાલન-કરિયાણા-વેપારાદિ ધરાવતા પૂર્વજો ધર્મ સમાચારી વિ. જાળવવા જજુમતા રહ્યા. જે તે વખતના ગચ્છાધિપતિઓ શ્રમણો અને યતિઓએ એ ટકાવી રાખવા માર્ગદર્શક આધાર પણ બન્યા રહ્યા. ધર્મગુરૂઓનો વિપત્તિકાળમાં આ મોટો ઉપકાર થયો.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના પુણ્યશ્લોકી જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથાની હાકલે


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

દૂરંદેશિતામાં સામાજિક-જ્ઞાતિ સંગઠન એકતા કેળવતાં સહજ રીતે ગચ્છની એકતા સમાચારી જાળવવામાં પણ સિમાચિહ્ન રૂપ બની રહ્યું.

જે તે સમયના અચલગચ્છાધિપતિ આચાર્યાદિની અધ્યક્ષતામાં તે સમયના શ્રેષ્ઠિવર્યોના અને જ્ઞાતિના તન-મન-ધન અને સમયના મહાન સમર્પણથી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિએ અચલગચ્છના ઈતિહાસમાં સુવર્ણ પૃષ્ઠો આલેખ્યા છે.

કચ્છ જખૌના દશા ઓસવાલ જ્ઞાતિય નાગડા શ્રેષ્ઠિશ્રી આસુભાઈના ધર્મપત્ની કર્માદેવીની કુખે સં. ૧૬૨૬ ના પોષ વદી દશમીએ રતનશી નામના મનોહર પુત્રનો જન્મ થયેલ. ૭ વર્ષના બાળકને કાકા રણશીએ ઉછેર્યો અને સં. ૧૬૩૫ માં અચલગચ્છના ક્રિયોધ્ધારક દાદા ગુરૂ પૂ. આ. શ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી મ. સા.ને અર્પણ કર્યો.

સં. ૧૬૪૧ના મહા સુદ ૨ ના ગુરૂવર્યે સૌરાષ્ટ્રના દીવ બંદરમાં દિક્ષિત કરી રત્નસાગરજી એવું નામ આપ્યું. સં. ૧૬૪૪ વૈશાખ સુદ ૩ ના વડીદીક્ષા આપી આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિજીના શિષ્ય સ્થાપ્યા. અને સં. ૧૬૪૮માં મહોપાધ્યાય પદ સાથે મુનિમંડલ નાયક પદે સ્થાપ્યા. તેઓ બહુધા રાધનપુર, કપડવંજ, ખંભાત, બાડમેર આદિ ક્ષેત્રોમાં વિચર્યા. સં. ૧૭૨૦ ના પોષ સુદ ૧૦ ના તેઓ કપડવંજમાં દેવગતિ પામ્યા. તેમના ઉપાધ્યાયાદિ સુવિહીત પરંપરા ધારક પ્રશિષ્યોએ વર્તમાનમાં વિચરી રહેલ છે.

તેમની પરંપરામાં શિ. ઉપા. મેઘરત્નસાગરજી, શિ. ઉપા. વૃધ્ધિસાગરજી, શિ. ઉપા. હીરસાગરજી, શિ.ઉપા. સહજસાગરજી, શિ. ઉપા. માનસાગરજી, શિ. ગણિવર્યશ્રી રંગસાગરજી, શિ. ગણિ ફતેહસાગરજી, શિ.મુનિશ્રી દેવસાગરજી, શિ. મુનિશ્રી સ્વરૂપસાગરજી, શિ. મુનિશ્રી ગૌતમસાગરજી થયા જેમણે સં. ૧૯૪૦-૪૬ માં ક્રિયોધ્ધાર કરી અચલગચ્છમાં નવો તબક્કો સુવિહિત માર્ગનું પુનઃ પ્રવર્તન કરી ગચ્છનો ચતુર્વિધ સંઘનો ઉધ્ધાર કરી છેલ્લા ૭૪ મા શ્રી પૂજ ગચ્છનાયક શ્રી જિનેન્દ્રસાગરસૂરિજી પછી આ ઉપા. રત્નસાગરજી ગણિવર્યની શિષ્ય પરંપરાના શ્રમણોએ ગચ્છના નેતૃત્વની વિકટ ધુરા વહન કરી નામશેષ થઈ જતા ગચ્છનું સંગઠન સુદૃઢ કરી ધર્મ પ્રવૃત્તિઓથી ગચ્છને ચેતનવંત કરેલ છે. આ હકિકત ગચ્છ માટે ઐતિહાસિક ગણી શકાય તેમ છે.

આમ કચ્છી દશા ઓસવાલ ગોત્રીય મહો. રત્નસાગરજી મ. સા.ની સુવિહીત ઉપાધ્યાય પરંપરામાં થયેલા અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. એ ૭૪ મા મુખ્ય ગચ્છ પટ્ટધર, આ. જિનેન્દ્ર સાગરસૂરિજી મ. સા. પછી સુધર્મા પાટ પરંપરામાં ૭૫ મા અચલગચ્છાધિપતિ તરીકે મહાન ક્રિયોધ્ધારક સુવિહીત વિરલ મહાપુરૂષ થયા.

આ ૭૫ મા પટ્ટધર શ્રી ગૌતમસાગરસૂરિજીએ પણ સુવિહીત માર્ગને દ્રઢ કરવા રૂપે તે વખતે ગચ્છમાં કોઈ શ્રમણી ન હતા તેવા સમયે સં. ૧૯૪૯માં સુથરી મુકામે કચ્છ સાંધાણના કચ્છી દશા ઓસવાલ ગોત્રીય પ્રથમ મહત્તરા સાધ્વીશ્રી શિવશ્રીજી આદિને દીક્ષિત કર્યા હતા આમ અચલગચ્છમાં વર્તમાનના ૧૨૮ વર્ષોમાં જે શ્રમણી ભગવંતો હતા છે તે બધા મહત્તરા સાધ્વીશ્રી શિવશ્રીજીના પરિવાર તરીકે વિચરી રહ્યા છે.

વર્તમાનમાં અચલ (વિધિપક્ષ) ગચ્છ મુખ્ય ચાર જ્ઞાતિઘટ્ટક વિભાગોમાં વિદ્યમાન છે (૧) કચ્છી વિસા ઓસવાલ (૨) કચ્છી દશા ઓસવાલ (૩) કચ્છી ગુર્જર યા ગુજરાતી (૪) રાજસ્થાન-મારવાડ.

આ ચારેમાં કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિ એક માત્ર એવી અજોડ જ્ઞાતિ છે કે જે સો ટકા અચલગચ્છની સમાચારી પાળે છે. જ્ઞાતિના મુંબઈના તીર્થરૂપ શ્રી અનંતનાથ ભગવાનના ૨૪ જિનાલયના નામથી શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન (મુંબઈ)ના દૈનિક વહીવટી ચોપડામાં રોજ રોજ અચલગચ્છની તિથિ-પત્રિકાનું સાર તિથિવાર-તારીખનો ઉલ્લેખ કરાય છે.

ભારતના કોઈપણ ક્ષેત્રમાં આ જ્ઞાતિના પરિવારો તથા તેઓ હસ્તકના દેરાસરો-તીર્થો-ઉપાશ્રયો-ધર્મશાળાઓ આદિ સ્થળોએ પણ મક્કમતા સાથે અચલગચ્છ જૈનના પંચાગ મુજબ તિથિ તથા સમાચારીનું પાલન થાય છે. જે સમસ્ત અચલગચ્છ માટે ગૌરવપ્રદ હકિકત છે. આ લખાણનું સમજ-જાણકારીઓના સંદર્ભે હજી વિસ્તૃતિકરણ પણ શક્ય છે, હાલ ટુંકમાં આટલું લખાયેલ છે.

# ક. દ. ઓ. સમાજ, એક લુપ્ત થતી જાતિ?!

## (KDO Samaj: An Endangered Species?)




આપણા નાના સમાજને આજે હજુ વધારે નાનો થતો જોઈને લખવા પ્રેરાઈ છું. આજના જમાનામાં, ખાસ તો આજના કોરોના કાળમાં, kdovp app. તો એકબીજાના સંપર્કમાં રહેવા માટેની એક માત્ર કડી બની ગયું છે!

પણ અફસોસ કે બીજા સમાજમાં પરણેલી આપણી માતા, બહેન અને દીકરીઓ માટે આ સંપર્ક સેતુ લગ્ન પછી કપાઈ જાય છે!

આપણે બીજા સમાજમાંથી આવતી વહુઓને, લોગઈન આપીએ છીએ, તેમ અમારા જેવી દીકરીઓને કેમ નહિ? મારા પોતાના અનુભવથી કહું તો, પરન્યાતમાં પરણે એને તો એપની વધારે જરૂર પડે છે!

એકવાર સમાજમાંથી નિકળી ગયા તો પદ, વોટ, પદવી, વિગેરેનો હક મળતો નથી, એ વાત લગભગ બધાજ સમાજોના બંધારણની શરતોમાં જ લખાયેલ હોય છે અને એ પ્રમાણે લાગુ થાય જ! આ વાત સ્પષ્ટ છે. એમાં કોઈ બેમત નથી.

પણ આપણી બીજા સમાજમાં પરણેલી દીકરીઓને kdovp એપમાં ''લોગઈન'' ન આપવાથી કોઈ ફાયદો થાય છે ખરો??

આપણે તો આપણા નાનકડા સમાજની તરફ અન્યાય જ કરી રહ્યા છીએ! ભલે ગમે તે ન્યાતમાં પરણેલી સ્ત્રી, ગુજરે ત્યાં સુધી તો ક.દ.ઓ. જ રહે છે!

પરન્યાતના જમાઈની મરણ નોંધ સુદ્ધા આપણે છાપિયે/ વાંચીએ છીએ!

તો દીકરીઓને એના માવતરથી દુર રાખીને શું મેળવીશું??

મારા જેવી દીકરીઓને તો માતાને શ્રદ્ધાંજલિ આપનાર વ્યક્તિના નામ વાંચીને thank you button દબાવવાનો મોકો પણ નથી મળ્યો!

મમ્મી, પાપા તો રહ્યા નથી, સગા ભાઈ, બહેન પણ નથી, પરન્યાતમાં પરણી છું માટે મારાથી તો, Kdovp appમાં લોગઈન કરી શકાય નહીં! હવે જ્યારે ખાસ જરૂર છે ત્યારે દાદા અને નાનાના બૃહદ પરીવાર સાથે સંપર્ક રાખવો અઘરો બન્યો છે! મારા જેવી સમસ્યા ઘણી દીકરીઓને છે. મારા અંગત પરીવાર અને સગાવહાલામાં જ ખૂબ લોકોએ પરન્યાતમાં લગ્ન કર્યા છે.

બધા વાચકો આ વાતથી અવગત ન પણ હોય કે પરન્યાતમાં પરણનારને લોગઈન મળતું નથી. આ લેખ દ્વારા સમાજને આ માહિતી મળે તે જરૂરી છે.

ક.વી.ઓ. સમાજમાં પણ ''એપ'' નો ઉપયોગ બધા કરી શકે છે. પરન્યાતમાં પરણેલી સ્ત્રીઓ પણ!!

સમાજના જન્મ/મરણના આંકડા તો સ્પષ્ટ રીતે કહે છે કે સમાજ નાનો થતો જાય છે! સંપર્ક સેતુથી દીકરીઓને વંચિત રાખીને, શું આપનો / કે પછી આપણો?? ક.દ.ઓ. સમાજ પણ આમ ધરતી પરથી લુપ્ત થઈ જશે??

મારા જેવી આંતરજ્ઞાતીય વિવાહ કરનાર દીકરીઓ/ બહેનોને kdovp એપમાં લોગઈન આપવા મહાજનના પદવીધારીયો, ક.દ.ઓ. સમાજના મોભીઓ અને વડીલો ને આ લેખ દ્વારા જાગૃત કરવાના પ્રયત્ન સફળ થાય એજ પ્રાર્થના.

– ડૉ. જાગૃતિ લોડાયા ચશ્માવાલા – (Orthodontist)
(અજાણી, કોઠારા, ઘાટકોપર)
ડૉ. માનસી અને ડૉ. જયચંદ દેવશી લોડાયાના પુત્રી

**વિશેષ નોંધ :**
જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **– તંત્રી મંડળ**

**વિશેષ નોંધ : ઉપરોક્ત લેખમાં ડૉ. જાગૃતિબેને વ્યક્ત કરેલા વિચારો અંગે આપનો મત અપેક્ષીત છે. જ્ઞાતિજનોને આ વિષય ઉપર પોતાનો લેખિત મત પ્રકાશ સમીક્ષાને નામ, ગામ તથા મોબાઈલ નંબર સાથે મોકલી આપવા નિમંત્રણ છે.** – તંત્રી મંડળ

**શબ્દ કોયડો**

# ધર્મ સંદેશ - ૧૫૨


**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**






**ઊભી ચાવીઓ :**

૧. જયાં તિર્યંચ અને મનુષ્યો વસે છે (૪)

૨. રંગે રમે આનંદે રમે, આજ.... દેવીઓ રંગે રમે (૨)

૩. સ્નાત્ર પૂજાના રચયિતા (૬)

૪. જગડુશા શાના માટે જાણીતા હતા (૨)

૫. આદીનાથે સ્ત્રીઓને શીખડાવેલ કળાઓ કેટલી (૩)

૬. એક તપ (૪)

૧૨. ભગવાનની પૂજા કરવાનું એક અંગ (૨)

૧૩. આરતીમાં આવતું...... કુમારપાળનું નામ (૨)

૧૫. પ્રભુ (૨)

૧૬. શત્રુંજય ઉપર આવેલ એક પોળ (૪)

૧૭. મહાવીર સ્વામીની નિર્વાણ ભૂમિ (૪)

૧૮. વરસીતપના પારણાનો દિવસ (૬)

૧૯. અહીંના જીવો કુંભીમાં ઉત્પન થાય છે (૩)

૨૩. ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩)

૨૪. ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩)

૨૫. જિનાલયના બાંધકામમાં આનો ઉપયોગ ખૂબજ થાય છે (૩)

**આડી ચાવીઓ :**

૧. આ અવસર્પિણી કાળમાં સર્વ પ્રથમ મોક્ષે જનાર (૪)

૪. ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૨)

૭. તું મને ભગવાન એક....... આપી દે (૪)

૮. સાધુ-સાધ્વીજીઓ પાસેથી માથામાં નખાય (૪)

૯. સાધુ-સાધ્વીજીઓ હાથ વડે વાળ ચૂંટી મુંડન કરે તે (૨)

૧૦. આદીનાથના પુત્રો (૧)

૧૧. આ ચૌદ છે (૪)

૧૩. શ્રીપાલ મયણાનો ....... (૨)

૧૪. ઉપરાઉપરી....... ઉપવાસ એટલે છઠ (૧)

૧૫. પ્રથમ તિર્થંકરના પિતા (૪)

૧૮. તારંગાના મુળનાયક (૫)

૨૦. ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩)

૨૧. શાસન દેવ (૨)

૨૨. પાલીતાણા પાસે આવેલ આ ધામમાં વિસ વિદરમાન જીનાલય આવે છે.

૨૫. આ નક્ષત્ર બેસતા કેરીનો ત્યાગ કરાય (૨)

૨૬. પ્રભુજીના અંગે પુજામાં........ તિલક કરાય (૨)

૨૭. ઘણી ધાર્મિક વિધિમાં આ વગાડવામાં આવે (૩)

૨૮. ચંડકોશીયાને પ્રતિબોધની ઘટના બની તે તીર્થ (૩)

૨૯. કચ્છના આ ગામમાં બસોમી ધજા હમણાં જ ખૂબ ઉમંગથી ઉજવાઈ (૨)

૩૦. આ સોળ છે (૨)

**જીતો ઈનામો...**

ઉપરોક્ત શબ્દ કોયડાના ઉત્તરો ચોકઠામાં ભરીને આ અંક પ્રકાશિત થયાના ૨૦ દિવસ સુધીમાં શ્રી જયકાંતભાઈ મોતાને પોતાના નામ - ગામ સાથે (મો.: ૯૮૧૯૬૨૮૩૮૨) વોટ્સઅપ ઉપર મોકલી આપવા. બધાજ સાચા જવાબ આપનારા વાચકોમાંથી ત્રણ વ્યક્તિઓને કુ. ચૌલા ઉમરશી કુરૂવા (અમદાવાદ) તરફથી લોટરી સિસ્ટમ દ્વારા ઈનામો આપવામાં આવશે.

સમય પ્રવાહ

# બજેટ – ભાગ ૨ : સંસ્થાકીય



- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247

સંસ્થા શબ્દનો આ લેખના પરિપેક્ષમાં બહુ વિશાળ અર્થ અને ઉપયોગ છે; તે સામાજિક સંસ્થાઓ, કારખાનાઓ, શાળાઓ, હોસ્પિટલો, વેપારીક અનુસ્થાનો, ધાર્મિક એકમો જેવા અનેક વિવિધ પ્રકારના અને તદ્દન ભિન્ન પ્રકારની પ્રવૃત્તિ કરતા એકમ અને સંસ્થાઓને આવરી લે છે. આ યાદી સાંકેતિક છે અને સંપૂર્ણ નથી. આ યાદીમાં કેટલાક સંસ્થાનો સરકારી, અર્ધ સરકારી, ખાનગી, સહકારી અને બિનસરકારી એટલે કે એન. જી.ઓ. પ્રકારના હોઈ શકે. દરેક પ્રકારના એકમનો ઉદેશ્ય અલગ અલગ હોવાથી પ્રત્યેક એકમ પોતાની મુખ્ય પ્રવૃત્તિ, આવકના સંસાધનો અને તે આવક સંસ્થાના મૂળભૂત હેતુને સિદ્ધ કરવા માટે કઈ રીતે ઉપયોગમાં લેવી તે નક્કી કરે છે. આખરે તો બજેટ એ નિર્ધારિત લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનું આર્થિક સાધન છે. સંસ્થાકીય બજેટમાં સંસ્થાના ઉદેશ્યને અનુરૂપ પ્રવૃત્તિને પ્રાથમિકતા અને તેના માટે જરૂરી અને નિર્ધારિત રકમની ફાળવણી એ બહુ મહત્વનું છે; તદઉપરાંત કેટલીકવાર જે તે પ્રવૃત્તિ માટે સમય મર્યાદા પણ સંસ્થાકીય બજેટનો એક અગત્યનો ભાગ હોય છે. મોટા ભાગે જે સંસ્થાઓ સરકારી અનુદાન કે મદદ મેળવતી હોય છે કે ચેરિટી કમિશનર પાસે નોંધાયેલી છે તેમના માટે સમય એ મહત્વનું પરિબળ છે. સાશકીય બજેટમાં મોટા ભાગે સમયનો ઉલ્લેખ હોતો નથી.

જે એકમ, નફા માટે પ્રવૃત્તિ કરે છે જેમકે ઔદ્યોગિક એકમ ત્યાં બજેટ એ મહદ્દઅંશે બહુ મહત્વનું સાધન હોય છે અને તેના ખર્ચ અને સમય આ બંને પરિબળોનું બહુ બારીકીથી સતત કે સમયે સમયે મૂલ્યાંકન થાય છે જેને 'મોનીટરીંગ' કહેવાય છે; અને તેના માટે રીવોર્ડ કે બોનસ અને દંડની પણ જોગવાઈ હોય છે. આવી પ્રવૃતિઓમાં બજેટમાં ખર્ચ માટે નિશ્ચિત રકમ અને સમય ફાળવેલ હોય છે; એટલે પ્રમાણમાં આવા બજેટ એ માત્ર એક પ્રવૃત્તિ નહીં રહેતાં ખરેખર રોડ મેપ કે બ્લુપ્રિન્ટ બંને છે, અને તે જે તે પ્રવૃત્તિની સફળતા માપવાના માપદંડ પણ બંને છે. જ્યાં આવક(ફાળવણી કે ફંડ), જાવક અને સમય મર્યાદા નક્કી હોય છે તેવી પ્રવૃત્તિમાં બજેટ એ એક સાર્થક અને ઉપયોગી પ્રવૃત્તિ કે સાધન બને છે; જયારે જે પ્રવૃત્તિમાં આવક અને જાવકની અનિશ્ચિતતા હોય છે ત્યાં બજેટ બનાવવાનું મોટા ભાગની સંસ્થાઓ ટાળે છે, આ એક સામાન્ય નિરીક્ષણ છે. પણ જો આવી સંસ્થાઓ સરકારી અનુદાન કે મદદ મેળવતી હોય છે કે ચેરિટી કમિશનર પાસે નોંધાયેલી હોય તો તેના માટે મોટા ભાગે વાર્ષિક બજેટ બનાવવું અને તે જાહેર કરવું અનિવાર્ય બંને છે. મોટા ભાગે આ બજેટ અગાઉના કેટલાક વર્ષોના એકઠા થયેલ આવક અને જાવકના આંકડાઓ પર આધારિત હોય છે. તેમજ આવી સંસ્થાઓને તેમને લાગુ પડતા કાયદા કાનૂનનું પાલન પણ કરવું પડે છે અને નિર્ધારિત તથા સરકારમાન્ય રૂપમાં આવક, જાવકના હિસાબો રાખવા પડે છે તથા તેનું ઓડિટિંગ કરાવવાનું પણ ફરજીયાત રહે છે. દિવસે ને દિવસે સરકારનો સામાજિક, ધાર્મિક અને સેવા સમર્પિત સંસ્થાઓ પર તેમજ ટ્રસ્ટો પર વધારે ને વધારે હસ્તક્ષેપ થતો જાય છે. એટલે દરેક સંસ્થા કે પ્રવૃત્તિ માટે તેને અનુરૂપ બજેટ બનાવવું પડે છે. જે સંસ્થાઓ ચેરિટી કમિશનર પાસે નોંધાયેલી હોય તો તેના માટે મોટા ભાગે વાર્ષિક બજેટ બનાવવું અને તે જાહેર કરવું અનિવાર્ય બંને છે, પછી ભલે તે સરકાર પાસેથી કોઈ પણ આર્થિક મદદ નહીં લેતી હોય પણ જે દાન કે શુભેચ્છા રકમ પર નભતી હોય, કારણકે કેટલીક વાર દાતાઓ ઈન્કમટેક્સની કલમ ૮૦જી હેઠળ આવા દાન કરેલ રકમ બદ્લ આવકવેરામાં રાહતની માંગણી કરે છે.

સંસ્થાકીય બજેટ આ વિષયે ખુબ જ ગહન અને વિશાળ છે અને તે જે તે સંસ્થા કે પ્રવૃત્તિને અનુરૂપ હોવાથી લેખની લંબાઈની મર્યાદા અને મારા આ વિષયની માહિતીની મર્યાદાને કારણે આટલી પ્રસ્તાવના પછી આ લેખનો આગળનો ભાગ પ્રકાશ સમીક્ષાના બે એક મહિના પહેલાના અંકમાં સંપાદકીય લેખમાં જે જ્ઞાતિની સંસ્થાઓને પોતાનું વાર્ષિક બજેટ બનાવીને તે પ્રસિદ્ધ કરવા માટે સૂચના આપવામાં આવેલ તે વિષય પર કેન્દ્રિત કરીશ. જો કે આ બાબત અગાઉ પણ પ્રકાશ સમીક્ષાના સંપાદકીય સ્થાનેથી

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

સૂચન કે ટિપ્પણી કરવામાં આવેલ પણ મારા ખ્યાલ પ્રમાણે કોઈ પણ સંસ્થાકીય કે વ્યક્તિગત પ્રતિભાવ આ બાબતમાં નથી આવેલ. કોઈ કોઈ સંસ્થાના ઓડિટેડ રિપોર્ટ ક્યારેક પ્રકાશ સમીક્ષામાં જોવા મળે છે.

આપણી જ્ઞાતિની મોટાભાગની ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના પ્રારંભમાં જ્ઞાતિના શ્રેષ્ઠિઓ કે દાનવીરોના વ્યક્તિગત કે સ્વદ્રવ્ય દ્વારા કે તેમના મહત્તમ આર્થિક સહયોગ દ્વારા સ્થાપના અને કેટલાક સમય સુધી તેમના દ્વારા કે તેમના પરિવાર દ્વારા તેનું સંચાલન અને નિભાવ થતો હતો, તેથી કદાચ અનૌપચારિક બજેટ બનાવાતું હશે પણ ઔપચારિક બજેટ બનાવવું અને તે જાહેર કરવું એવી પ્રથા કે રિવાજ સ્વાભાવિક રીતે અમલમાં ન હતી. સુરતમાં પણ કેટલીક જૈન ધાર્મિક સંસ્થાઓ પારિવારિક ટ્રસ્ટ દ્વારા તેમના વ્યક્તિગત કે સ્વદ્રવ્યથી સ્થાપિત થયેલ છે; અને પછી તે જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવેલ છે પણ તેનો વહીવટ ખાસ કરીને આર્થિક વહીવટ હજી પણ જે તે પરિવારના હાથમાં જ હોય છે. એટલે ઐતિહાસિક રીતે અને થોડા ગણા સ્વમાલિકીના ભાવના કારણે આવી સંસ્થાઓ પોતાની આર્થિક વિગતો જાહેર કરતી નથી; એવું નથી કે આવી સંસ્થાઓમાં આર્થિક ગોલમાલ થતી હોય. આમ પણ ભારતમાં એવું કહેવાય છે કે પુરુષને તેની આવક અને સ્ત્રીને તેની ઉમર પૂછવી એ અસભ્યતાની નિશાની છે.

મારી સમજ પ્રમાણે જ્ઞાતિની મોટા ભાગની સંસ્થાઓ મહાજન, મિત્રમંડળ અને સમાજ એવા પ્રકારની છે, અને તેનું કાર્યક્ષેત્ર બહુ મર્યાદિત છે. મોટા ભાગની આવી સંસ્થાઓ મૂળ કચ્છ કે હાલારના ગામ વાસીઓનાં અથવા હાલ જ્યાં સ્થાયી થયેલ હોય તે શહેરના જ્ઞાતિજનોના સહકાર, પ્રયત્ન અને સંગઠનથી ઉભી થયેલ હોય છે. તદ્ઉપરાંત મોટા ભાગની આવી સંસ્થાઓની પ્રવૃત્તિ પણ બહુજ મર્યાદિત હોય છે જેમકે વાર્ષિક સ્નેહમિલન કે પર્યુષણ પર્વ પશ્ચાત સાધર્મિક સ્વામી વાત્સલ્ય અને ચૈત્ય પરિપાટી જેવા બે થી ત્રણ કાર્યક્રમો થતા હોય છે. ખાસ કરીને દેશાવરમાં આવી સંસ્થાઓની સભ્ય સંખ્યા પણ બહુજ મર્યાદિત હોય છે તેથી જે સ્તર પર આવી સંસ્થાઓ કાર્યરત હોય છે ત્યાં બજેટ જેવી વ્યવસાયિક (professional) પ્રવૃત્તિ કે અભિગમ એ કદાચ હાલ તો મુશ્કેલ લાગે છે, પણ અશક્ય નથી. વાર્ષિક બજેટ બનાવવું અને તે જાહેર કરવું એ એક પ્રવૃત્તિ ઉપરાંત એક અભિગમ પણ છે અને તે પણ સ્વૈચ્છીક રીતે, તેવી આદર્શ સમાજ રચના એક ઉત્તમ ધ્યેય છે અને તેને હાંસિલ કરવા પ્રયત્ન કરવા જોઈએ અને જાગૃતિ લાવવી જોઈએ.

આપણી જ્ઞાતિની મોટા ભાગની સંસ્થાઓ મહાજન કે તેની ઉપપેદાશ (offshoot) છે અને તેનાથી પ્રભાવિત થયેલ છે; તેથી તેના સંચાલનમાં પણ તેની અસર રહેલી હોય છે, અને મોટા ભાગની સંસ્થાઓ જે પ્રવૃતિઓ મહાજનો કરતા તેવીજ રીતે કરે છે પણ ક્યારેક તેમાં સમય પ્રમાણે સુધારા વધારા કે છૂટછાટ સામેલ છે. મોટા ભાગની આવી સંસ્થાઓનો આર્થિક વ્યવહાર રોકડમાં જ થાય છે કારણકે તે રજિસ્ટર્ડ સંસ્થા નથી હોતી કે નથી હોતું પાનકાર્ડ કે બેંક અકાઉન્ટ. આ સંસ્થાઓ સભ્યોના સ્વૈચ્છીક ફાળા પર નભે છે. જૈન સોસીઅલ ગ્રુપ કે જૈન જાગૃતિ ગ્રુપ જેવી કેટલીક સામાજિક સંસ્થાઓમાં નક્કી કરેલ દાખલ ફી અને વાર્ષિક સભ્ય ફી હોય છે. હું પાંચ થી છ સામાજિક સંસ્થાઓમાં સભ્ય હતો અને તેમની સાથે સંકળાયેલ હતો; તેમાંથી માત્ર એકજ સંસ્થા એવી હતી જે ચેકથી રકમ સ્વીકારતી હતી બાકી બધે જ રોકડમાં વહેવાર થાય! બજેટની તો વાત અલગ છે પણ વાર્ષિક હિસાબ કિતાબ પણ જાહેર કરવાની કોઈ પ્રથા કે ચલણ કે અભિગમ પણ નહીં જોવા મળે. મારું એવું અંગત માનવું છે કે કોઈ પણ જાહેર સંસ્થા ભલે બજેટ ના બનાવે કે તે જાહેર ના કરે પણ વર્ષાન્તે દરેક સભ્યને કે સભ્ય પરિવારને આવક, જાવક અને પુરાંતનો હિસાબ જરૂર આપે. શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, સુરત વર્ષાન્તે (કેલેન્ડર વર્ષ) આ વિગતોથી પોતાના સભ્યોને માહિતગાર રાખે છે.

કોઈ પણ જાહેર સંસ્થાના સંચાલન માટે મૂળભૂત ચાર આદર્શ કે સિદ્ધાંત અથવા આચારસંહિતા છે; પ્રામાણિકતા, પારદર્શિતા, પ્રતિબદ્ધતા અને પ્રતિષ્ઠા. તેથી દરેક સામાજિક કે ધાર્મિક સંસ્થાએ આ સિદ્ધાંતોને અનુરૂપ અને વહેવારીક અમલીકરણનું લઘુતમ કાર્ય કરવું જરૂરી છે, અને આ આદર્શ કે સિદ્ધાંતોનું અમલીકરણ એ સંસ્થાની કાર્યશૈલી માપવાનું માપદંડ બને છે. આ એક વ્યવહારિક કર્તવ્ય છે. અંગ્રેજીમાં એક બહુજ સરસ વાક્ય છે જેનો ગુજરાતી અનુવાદ લગભગ આવો છે, 'તમે પ્રામાણિક રીતે કાર્ય કરો તે જરૂરી છે અને તે


**Exclusive Embroidery & Upto date Finishing**

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 83692 52836** **Sunday Closed**
**Online Shopping via WhatsApp available. By appointment only.**
**Originally at Zaveri Bazar since 1976** Follow us on

તમારા વ્યવહારમાં પણ દેખાવું જોઈએ.' જુલિયસ સીઝર દ્વારા બહુ ચર્ચિત અને પ્રખ્યાત વાક્ય "Caesar's wife must be above suspicion" જાહેર સંસ્થાઓ માટે પણ લાગુ પડે છે.

આ સ્થળે એક નાની એવી સામાજિક સંસ્થા જે તદ્દન અનૌપચારિક રીતે ચાલતી હતી તેની સાથેનો મારો વ્યક્તિગત અનુભવ રજુ કરું છું. કદાચ આવો અનુભવ જ્ઞાતિના ઘણા કાર્યકરોને થયો હશે. તે સમયે, હું તે સંસ્થાની કારોબારી કમિટીમાં હતો અને જવાબદારીવાળા સ્થાન પર હતો. જેમ હંમેશાં આવી સંસ્થાઓમાં ચાલતું હોય છે, તે પ્રમાણે પહેલાં કાર્યક્રમ થાય અને તે કાર્યક્રમમાં જ સભ્યોના ફાળા આવે અને તેમાંથી જ કાર્યક્રમનો ખર્ચો કાઢીને જો બચે તો તે રકમ પુરાંત તરીકે આગળ વર્ષે લઇ જવાય. પણ અગાઉના વર્ષોની કોઈ પુરાંત ના હતી અને કોઈ કારણસર ફાળા કરતાં કાર્યક્રમનો ખરચો ખુબ વધી ગયો. પણ અમારી સમજદાર કારોબારીના સભ્યોએ જે ઘટ હતી તે વધારાનો ફાળો આપીને પુરી કરેલ. આવી સંસ્થા કે પરિસ્થિતિમાં બજેટ બનાવવાની પ્રક્રિયાની અપેક્ષા રાખવી કદાચ વધુ પડતી છે.

છીપનું મોતીઃ બજેટ એ અપેક્ષા, અનુમાન કે અંદાજ જેવા પરિબળો પર આધારિત હોય છે, જયારે હિસાબ એ વાસ્તવિકતા પર આધારિત હોય છે.

---

## વાચકોના પ્રતિભાવ

**'અહો જીનશાસનમ્'**

શ્રી અખીલ ભારત અચલગચ્છ સંઘ અને માટુંગા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા આયોજીત સુધર્મા પાટોત્સવને સિધ્ધચંદ્રજી નવપદ આરાધનાની અમો સહુ અંતરની અનુમોદના કરીએ છીએ.

શિક્ષકે વિદ્યાર્થીને પુછ્યું કોઈ સમુદ્રમાં ડુબી રહ્યું હોય તો તેને બચાવવા શું કરવું જોઈએ ? જવાબ આપ્યો, 'પહેલા તેને પાણીમાંથી બહાર કાઢવો જોઈએ અને પછી તેના શરીરમાંથી પાણી બહાર કાઢવું જોઈએ.

બસ આ વર્તમાન કરોનાના કાળમાં અમો શાશ્વત એવા ઓળીમાં દિવસોમાં દર્શન-પૂજા કરવા પણ ન જઈ શકાય એવા ડુબતા અમ પામર માટે ઓનલાઈન મારફતે બહાર કાઢ્યા ને પછી વૈરાગ્ય અને આરાધનાના બળે જેટલું શક્ય એટલું પાણી બહાર કાઢવાની કોશીશ કરી, અમને અપૂર્વ આનંદની અનુભૂતી કરાવી છે. નવ દિવસનું સુંદર આયોજન અને સુધર્મા પાટોત્સવ સહ ગચ્છાધિપતિની પદવી પણ અમો દેશાવરમાં દૂર બેઠા જે ભાગ્યેજ નિહાળવા મળે એ ઘરે બેઠા સુંદર નિહાળી શક્યા ને પ્રસંગનાં સાક્ષી બની શક્યા. રોજ સવારનાં આચાર્ય મહારાજ સાહેબના, સર્વે ગુરૂભગવંતોના દર્શન થતા અમને વ્યાખ્યાન સાંભળવાનો પણ સુંદર લાભ મળ્યો તે માટે અમો સહુ આપના આભારી છીએ. ૨૫ વર્ષીતપ આરાધક, નંદુભાઈ ને તેમની ટીમ જે શાંતીપૂર્વક સમજણપૂર્વક નવપદની આરાધના કરાવતા હતા. મેઘનાં કંઠમાં તો જાણે સરસ્વતીનો વાસ છે. નવ દિવસના નવલા સંભારણા નવા-નવા સંગીતનાં સથવારે યાદગાર બની ગયા. ચૈત્ર સુદ તેરસ પ્રભુ મહાવીર સ્વામીનાં જન્મ કલ્યાણકની ઉજવણી જાણે કે પર્વ પંજોશણ જ આવ્યા છે એવું સુંદર આયોજન. ખૂબ જ અંતરથી અનુમોદના.

અમો દેશાવરમાં જયાં અમને સાધુ સાધ્વીનો ભાગ્યે જ યોગ મળે છે ત્યાં આવા ઓનલાઈન પ્રસારણ મારફતે લાભ મળે એજ અંતરની આરજુ છે. 'અહો જીન શાસનમ્'

આપણું અચલગચ્છ સંઘ હજી ખૂબ આગળ વધે ને ખૂબ સુંદર કાર્યો કરે એ જ શુભેચ્છા.

**લી. રશ્મી બુધ્ધીધન મોમાયા (તીરુપુર)**

**સૌ. સંગીતા વસંત પોલડીયા (બડગરા)**

---

### સાતમી પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. વિનોદભાઈ રાયચંદ ધુલ્લા સુથરી (મુલુંડ)**

અરિહંતશરણ : તા. ૧૧.૫.૨૦૧૪

આપનું પ્રેરણાદાયી જીવન અમારા માટે સદૈવ માર્ગદર્શક છે.
આપના ચરણોમાં ભાવપૂર્ણ વંદન

**નિરંજન કેશવજી વેલજી મોમાયા પરિવાર - વરાડિયા**

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૩૦



**લેખક : સોમ ધરમશી, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**

(ગતાંકથી ચાલુ...)

ગતાંકોમાં આપણે શ્રાવકના ત્રણ આવશ્યક વિશે ઉંડાણથી ચર્ચા-વિચારણા કરી હવે ચોથા આવશ્યક નિમિત્તે બૃહદ્ (મોટા) અતિચાર વિશે સંક્ષેપમાં વિચાર વિમર્શ કરીશું.

જૈન ધર્મસાર પુસ્તક ''સમણસુત્તં''માં નીચેની ગાથાનો ઉલ્લેખ છે :-

नो खलु अहं तहा संचाएमि मुंडे जाव पव्वइत्तए ।

अहं णं देवाणुप्पियाणं अंतिए, पंचाणुव्वइयं सत्तसिक्खावइयं दुवालसविहं गिहिधम्मं पडिवज्जिस्सामि।।४।।

હું પ્રવ્રજિત બની-શ્રમણ બનીને વિચરવા શક્તિમાન નથી. હું આપની પાસેથી પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત-એમ દ્વાદશવ્રતરૂપી શ્રાવક ધર્મ અંગીકાર કરવા ઈચ્છું છું.

જૈન ધર્મમાં મારા મત મુજબ અને અમુક ધાર્મિક પુસ્તકોના આધારે જણાવી શકુ કે જન્મ-જરા-મરણથી મુક્ત જિનેશ્વરોએ જગતમાં સાધનાના બે માર્ગ દર્શાવ્યા છે. એક શ્રમણનો માર્ગ, બીજો શ્રાવકનો. શ્રવણ ધર્મમાં ધ્યાન અને સ્વાધ્યાય મુખ્ય છે તેના વગર શ્રમણ, શ્રમણ નથી. જ્યારે શ્રાવક ધર્મમાં દાન અને પૂજાને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેથી શ્રાવક બનવા માટે પાંચ અણુ વ્રત્ત અને સાત શિક્ષા વ્રત એમ મળીને કુલ ૧૨ વ્રત અથવા તેમાનાં અમુક વ્રતોનું પાલન કરે તેને શ્રાવક કહી શકાય. હવે પ્રભુની વાત આપણા સુધી પહોંચાડનાર ગુરુ ભગવંતો જે તીર્થંકર ભગવંતોના પ્રતિનિધિ બનીને પ્રભુએ અપનાવેલો માર્ગ આપણા સુધી પહોંચાડે છે. ગુરુ ભગવંતે બતાવેલા માર્ગ પર સાધના કરતાં-કરતાં તેમાં સ્ખલના થઈ જાય માટે ચોથું આવશ્યક ''પ્રતિક્રમણ'' જે સ્ખલના થઈ છે એનાથી પાછા ફરવું, ખોટા રસ્તે ચડી ગયા હોઈએ તો શું કરવાનું ? આ બધાનો સાર આપણને ૧૨ વ્રતના પાલનમાં મળે છે.

છ આવશ્યકમાં સામાયિક મેરુ શિખરે છે સાધુ અને સાધ્વી સમર્પિત આત્મસાધકો છે. તેઓ ગૃહત્યાગ કરીને સંસારની મોહમાયાથી લુપ્ત થઈને અંતિમ શ્વાસ સુધી આત્મસાધના કરવાની પવિત્ર પ્રતિજ્ઞા લે છે. છ આવશ્યક બંને વર્ગ એટલે કે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા માટે છે. પરંતુ ગૃહસ્થ વર્ગ માટે પ્રતિપળ આત્મસાધનામાં રહેવું શક્ય નથી, આથી ભગવાન શ્રી મહાવીરે ૧૨ વ્રતોનું નિરૂપણ કર્યું છે અને વ્રતોના ભેદ પણ બતાવ્યા છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત.

૧૨ વ્રતોની આ રત્નમાળામાં સામાયિક વ્રતનું આઠમું સ્થાન છે અને ચાર શિક્ષાવ્રતમાં પ્રથમ સ્થાન છે.

શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરામાં એકમત છે. તેઓ માને છે કે (૧) સામાયિક શિક્ષાવ્રત છે. (૨) સામાયિક ૪૮ મિનિટ સુધી નિત્ય કરવું જોઈએ. (૩) સામાયિક કરનાર મુનિ જેવો બને છે.

શ્રાવકાચાર (બાર વ્રત)ને વિશેષ પ્રકારે પ્રથમ માન અને મોભો આપવાનું સર્વપ્રથમ શ્રેય આચાર્ય શ્રી ઉમાસ્વાતિ અને શ્રી કુંદકુંદાચાર્યને ફાળે જાય છે. ઉમાસ્વાતિ બંને પરંપરાના આરાધ્ય, શ્રદ્ધેય અને પૂજ્ય છે. દિગંબર પરંપરામાં કુંદકુંદાચાર્યનું સ્થાન અનંતલબ્ધિનિધાન શ્રી ગૌમત સ્વામી ગણધર ભગવંત સમાન છે. બંનેનો સમય વિવાદાસ્પદ છે. છતાંય સ્વીકારાયું છે. ઉમાસ્વાતિ વિક્રમની ૧લી થી ૩જી સદીમાં અને શ્રી કુંદકુંદાચાર્ય વિક્રમની પહેલી સદીમાં થઈ ગયા.

જૈન ધર્મના મુળભુત સિદ્ધાંતોમાં માનનારા અને આચરણમાં મુકવાના પ્રયત્નો કરનારા એવા કેટલાક આજના શ્રાવકોમાં અને યુવાનોમાં જેઓ પાક્ષિક સામાયિક કરે છે અને ૧૨ વ્રતોનું આહ્‌વાન કરી મિચ્છામિ દુક્કડમ્ માંગે છે એ બાર વ્રતોના અંતર્ગત પાપ કર્મોને સામાયિક કરતા ખપાવે છે તે ફક્ત પુસ્તકમાં જ સંકલિત થઈ રહી ગયા છે. આવતા અંકમાં તે વિશે અર્થ, સંદર્ભ, માર્ગદર્શન સહિત વિશેષ વિચારણા કરશું.

આ લેખ તૈયાર કરવામાં (૧) પુસ્તક 'સમણસુત્તં' - જૈનધર્મસાર, અનુવાદક : મહોપાધ્યાય મુનિશ્રી ભુવનચંદ્રજી મ.સા., (૨) મેગેઝિન પ્રબુદ્ધ જીવનમાંથી 'છ આવશ્યકની ઓળખ' લેખક : ભારતી બી. શાહ અને (૩) શ્રી વિધિપક્ષ (અચલ) ગચ્છીય શ્રાવકાણાં 'સાર્થ પંચપ્રતિક્રમણ સૂત્રમ' પુસ્તક - સંયોજક અને સંશોધક પ.પુ. આચાર્યશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સહારો લીધેલ છે જેનો ઋણ સ્વીકાર કરું છું. આ લેખમાં જિનઆજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મન-વચન-કાયાથી મિચ્છામિ દુક્કડમ્. (વધુ આવતાં અંકે...)

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા
## દાતાઓ તરફથી એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ સુધી મળેલ શાળા ફી-પુસ્તક સહાય ભેટ

| નં. | દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| | **કાયમી અનામત ફંડ :** | | ૧૦૦૦૦૦૦ |
| ૧ | માતુશ્રી ભાનુમતી મણીલાલ ધુલ્લા અને શ્રી મણીલાલ શીવજી ધુલ્લા હસ્તે શ્રી નિરેનભાઈ અને શ્રી નરેશભાઈ કાયમી અનામત ફંડ પેટે | ૧૦૦૦૦૦૦ | |
| | **શાળા ફી - પુસ્તક સહાય ભેટ :** | | **૧૦૦૦૦૦૦** |
| **૧** | **શ્રી અનંતનાથજી મહારાજ જૈન ટેંપલ એન્ડ ઈટસ સાધારણ ફંડ ટ્રસ્ટ-મસ્જીદ બંદર** | **૧૦૦૦૦૦૦** | |

**બાયઠ : ૨૫૦૦૦**

૧ શ્રી મુલજી નરશી પોડલીયા ૨૫૦૦૦

**ગોધરા : ૨૦૦૦૦**

૧ મેસર્સ કિશોર સ્પાઈસીસ કું. - ક્રોચીન ૨૦૦૦૦

**ડુમરા : ૩૧૦૦૦**

૧ શ્રી કેડીઓ પોલડીયા ડુમરા આશાપુરા ટ્રસ્ટ ૩૧૦૦૦

**જખૌ : ૧૪૬૦૦૦**

૧ શ્રી હેમરાજભાઈ લાલજી મૈશેરી - પુના હસ્તે શ્રી મિલનભાઈ મહેશ્વરી ૧૦૦૦૦૦

૨ શ્રી કાંતિલાલ કે. વિકમશી મલબારહીલ - મુંબઈ ૨૫૦૦૦

૩ ચેતક કેટરર્સ એલ. એલ. પી., હસ્તે શ્રી પ્રતાપભાઈ ધુલ્લા ૨૧૦૦૦

**કોઠારા : ૫૦૦૦૦૦**

૧ શ્રી હરીશભાઈ પાલાણી અને શ્રી કિરણભાઈ પાલાણી - ચુનાભઠ્ઠી ૫૦૦૦૦૦ કોઠારા તથા અન્ય ગામોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય

**લાલા : ૧૦૦૦૦૦**

૧ માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી પરિવાર ૧૦૦૦૦૦ હસ્તે શ્રી તિલેશભાઈ એસ. મૈશેરી લાલા ગામના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય

**મંજલ : ૭૫૦૦૦**

૧ માસ્ટર વિહાન પ્રતિક દંડ, અંધેરી ૫૦૦૦૦

૨ શ્રીમતી નિલંજના સુશીલ શાહ ૨૫૦૦૦

**મોટી સિંધોડી : ૫૦૦૦૦૦**

૧ માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા (શાહ) હસ્તે શ્રી રાજેશભાઈ શાહ. મોટી સિંધોડી તથા અન્ય ગામોના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય ૫૦૦૦૦૦

**નલીયા : ૯૨૦૫૫૫**

૧ શ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ - નલીયા તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય ૪૦૦૦૦૦

૨ શ્રી શૈલેશ ડી. ખોના, બેંગલોર - નલીયા તથા અન્ય ગામના વિદ્યાર્થીઆને શૈક્ષણિક સહાય ૨૫૦૦૦૦

૩ શ્રી ભરતભાઈ શાહ, પેડર રોડ ૧૦૦૦૦૦

૪ શ્રી જે. ડી. ખોના - કોઈમ્બતુર ૩૫૦૦૦

૫ શ્રી મયંક ગોવિંદજી મોમાયા, બાંદ્રા ૨૫૦૦૦

૬ શ્રી મધુકાંત શાહ, કોઈમ્બતુર ૨૦૦૦૦

૭ તૃપ્તિ પ્રજેશ પટેલ, હુબલી ૨૦૦૦૦

૮ શ્રીમતી સરલાબેન જયચંદભાઈ લોડાયા - ચેંબુર ૧૫૦૦૦

૯ શ્રી અનિલ હીરાચંદ નાગડા, કોઈમ્બતુર ૧૫૦૦૦

૧૦ માતુશ્રી હિરાવંતીબેન જયચંદ નાગડા, માટુંગા ૧૫૦૦૦

૧૧ શ્રી કમલેશ બી. લોડાયા - માણાવદર ૫૫૫૫

૧૨ શ્રી નરશી શામજી ધરમશી ૨૦૦૦

૧૩ શ્રીમતી જયાબેન નરશી ધરમશી ૨૦૦૦

૧૪ શ્રી લલીત નરશી ધરમશી ૨૦૦૦

| | | |
|---|---|---|
| ૧૫ | શ્રીમતી જયપ્રભા લલીત ધરમશી | ૨૦૦૦ |
| ૧૬ | શ્રી ઋષભ લલીત ધરમશી | ૨૦૦૦ |
| ૧૭ | શ્રીમતી હિતાન્ક્ષી ઋષભ ધરમશી | ૨૦૦૦ |
| ૧૮ | શ્રી પ્રેરિત ઋષભ ધરમશી | ૨૦૦૦ |
| ૧૯ | શ્રી પંકજ નરશી ધરમશી | ૨૦૦૦ |
| ૨૦ | શ્રીમતી સ્મિતા પંકજ ધરમશી | ૨૦૦૦ |
| ૨૧ | શ્રી કૈતુક પંકજ ધરમશી | ૨૦૦૦ |
| | **રવા : ૩૯૫૦૦** | |
| ૧ | ઉમરશી મણશી ખોના, ચેંબુર | ૩૯૫૦૦ |
| | **રંગપુર : ૧૦૦૦૦૦** | |
| ૧ | કુ. ખુશાલી બિપીનભાઈ નાગડા | ૧૦૦૦૦૦ |
| | **સાંધવ : ૧૫૮૦૨૫** | |
| ૧ | શ્રી મણી માણેક ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે શ્રી ચાંપશીભાઈ શાહ | ૧૫૮૦૨૫ |
| | **સાંધાણ : ૨૫૦૦૦** | |
| ૧ | માતુશ્રી ખમાબેન ડાહ્યાભાઈ શાહ, વડાલા હસ્તે સાધનાબેન | ૨૫૦૦૦ |
| | **સેવક ભરૂડિયા : ૩૬૦૦૦** | |
| ૧ | શ્રીમતી જયાબેન વીશનજી દંડ, ઘાટકોપર | ૨૫૦૦૦ |
| ૨ | શ્રી કેડીઓ સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ | ૧૧૦૦૦ |
| | **સુજાપુર : ૫૦૦૦૦** | |
| ૧ | શ્રી મનીષભાઈ હીરજી લાલકા – વડાલા | ૨૫૦૦૦ |
| ૨ | શ્રીમતી મીનાબેન એમ. શાહ – વડાલા | ૨૫૦૦૦ |
| | **સુથરી : ૭૫૦૦૦** | |
| ૧ | શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર, મુલુંડ | ૭૫૦૦૦ |
| | **તેરા : ૫૦૦૦૦** | |
| ૧ | શ્રી કે.ડી.ઓ. જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ, તેરા | ૫૦૦૦૦ |
| | **વાંકુ : ૨૦૦૦૦** | |
| ૧ | શ્રી હિનેશ ભવાનજી લોડાયા, મુલુંડ | ૨૦૦૦૦ |
| | **વારાપધર : ૩૦૦૦૦** | |
| ૧ | શ્રી વારાપધર જૈન યુવક મંડળ, ભાંડુપ | ૩૦૦૦૦ |
| | **જનરલ ફંડ : ૧૨૦૧૨૬૦** | |
| ૧ | માતુશ્રી કસ્તુરીબાઈ વસનજી ધરમશી અને માતુશ્રી રતનબેન નરશી ધરમશી | ૧૧૦૦૦૦૦ |
| ૨ | શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબીવલી | ૩૧૦૦૦ |
| ૩ | શ્રી ધિરેન્દ્ર આણંદજી ખોના ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ | ૨૧૦૦૦ |
| ૪ | મેસર્સ કેડેટ્રોનિકસ હસ્તે શ્રી શ્રેણીકભાઈ વીરચંદ મોમાયા | ૨૧૦૦૦ |
| ૫ | શ્રીમતી કંચનબેન જી. લોડાયા, શીવ | ૨૧૦૦૦ |
| ૬ | શ્રી નરેન્દ્રભાઈ લખમશી નાગડા, ડોંબીવલી | ૫૦૦૧ |
| ૭ | લાપસિયા એન્ડ એસોસિયેટસ, મુલુંડ | ૨૨૫૯ |
| | **કુલ ડોનેશન** | **૫૧૦૨૩૪૦** |

**રૂપિયા એકાવન લાખ બે હજાર ત્રણસો ચાલીસ**

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૦/૨૧ ના ૨૯૭ વિદ્યાર્થીઓએ કુલ રૂા. ૪૯,૮૬, ૪૯૭/– શાળા ફી સહાય અર્થે અરજીઓ કરેલ. ડોનેશન મેળવવામાં શ્રી મોતીચંદભાઈ લાલજી ખોના, નલીઆ/મુલુંડનો સિંહફાળો છે, સંસ્થાના અધિકારીઓ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.**

**મહાજનો અને દાતાઓને ફરી અપીલ કરીએ છીએ કે સંસ્થા તેની શૈક્ષણિક પ્રવૃતિ સરળતાથી પુરી કરી શકે તે હેતુ સાથે આપશ્રી સંસ્થાને ડોનેશન મોકલાવી સહાય કરતા રહેશો. સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા. આ બદલ આપશ્રી દાતાઓનો ખૂબ ખૂબ આભાર અને ઋણ સ્વીકાર.**

**લિ. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

# વ્યવસાય ને ઉંમરની ચિંતા છોડો, મહેનત કે આગે જીત હૈ !

**ચેતન મેઘજી મોતા - વારાપધર (મુલુંડ), માનદ્ મંત્રી શ્રી કે.ડી.ઓ. મુંબઈ મહાજન**

કોરોનાના લીધે લોકડાઉન. કામકાજ બંધની સ્થિતિમાં ભલભલા નાસીપાસ થઈ જાય ત્યારે ચેતનભાઈ મોતાએ નવી કેડીએ પગરણ કર્યા છે. ચેતનભાઈ સમાજસેવામાં પણ પ્રવૃત્ત છે. તેમણે માતુશ્રી કુંવરબાઈ નરસી નાથા ગૃહઉદ્યોગ જેવી જ્ઞાતિની સંસ્થાને અવનવી મિઠાઈઓ અને નાસ્તા વાનગીઓ શરૂ કરાવી, મંડળની પ્રગતિ કરાવી, ટ્રસ્ટી તરીકે ફરજ બજાવી છે.

યુવાનોને શરમાવે એવા ઉત્સાહ અને પોઝિટીવિટીથી છલકતા ચેતનભાઈ મોતા ટ્રાવેલ્સનો બિઝનેસ બંધ થઈ જતા આજીવિકાની મુશ્કેલીમાં સપડાઈ ગયા. ૫૬ વર્ષની ઉંમરે આ કપરા સંજોગો સામે હાર ન માનતા તેમણે કેટરિંગનો વ્યવસાય શરૂ કરી જ્ઞાતિ સમક્ષ ઉત્કૃષ્ટ દાખલો પૂરો પાડ્યો છે. બબલગમ ટુર્સ અને ટ્રાવેલ્સના નામે ડૉમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પૅકેજડ ટુર્સનો વ્યવસાય કરતા ચેતનભાઈ મેઘજી મોતા કહે છે કે છેલ્લા દોઢ વરસથી કોરોનાના પરિણામે વ્યાપાર રોજગારનો આડો આંક વળી ગયો છે જેમાં ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય સાવ જ બંધ થઈ ગયો. થોડા જ સમયમાં જીવન યાપનની સમસ્યા વિકરાળ મોઢું ફાડી સામે આવી. કરવું શું ? મોટો પ્રશ્ન.

અગાઉ જ ઓન લાઈન બુકિંગ વધતા આ વ્યવસાયમાં મંદીનું ગ્રહણ લાગી ગયેલું. ધીરે ધીરે કામકાજ ઘટતાં ઘટતાં વ્યવસાયનું અસ્તાચળ આવી ગયું હતું અને કોરોનાના લોકડાઉનથી આવક બંધ થઈ ગઈ. કાંઈ સૂઝ પડે નહીં. આ સ્થિતિમાં મારા મિત્ર નયન ભેદાએ મને સૂચવ્યું કે ખાવા પીવાના કામકાજની શરૂઆત કરો.

૫૬ વરસની ઉંમરે નવો વ્યવસાય શરૂ કરવો એ કંઈ ખાવાના ખેલ નથી. પણ નયનભાઈની સલાહ અને 'નો બિઝનેસ લાઈક ફૂડ બિઝનેસ'ના સૂત્રને ધ્યાનમાં રાખી ઝંપલાવ્યું.

ચેતનભાઈ કહે છે કે ટુરના વ્યવસાયનો અનુભવ પણ અહીં કામ લાગ્યો. ટુર લઈને જયાં જયાં જતાં ત્યારે એક વાતનો અનુભવ થયો કે ટૂરિસ્ટોની ખાવા-પીવાની માંગ સાચવવી બહુ જ જરૂરી હોય છે અને એ માટે સાથેના રસોયા પાસેથી તે મુજબ વાનગીઓ બનાવડાવી પિરસવાની જવાબદારી અમારી.

ટુરિસ્ટોની ઈચ્છાઓના સમાધાન કરતાં કરતાં મને કૂકિંગમાં રસ પડેલા અને ચાઈનીઝ સહિત અનેક પ્રકારની વાનગીઓ શીખવા મળી અને એમાં રસ પડેલો તો એનો લાભ શું કામ ન લેવો ?

આમ વ્યવસાય નક્કી થયું પરિવાર સાથે ચર્ચા શેર કરી બધા સંમત થયા. આ વ્યવસાયથી મારૂં નામ ખરાબ થશે, લોકો શું કહેશે, આ ઉંમરે આવી આકરી મહેનત માગતું આ કામ કેવી રીતે થાય એ બધા વિચારો જેવા આવ્યા તેવા કાઢી મૂક્યા અને શ્રીગણેશ કર્યા.

કોરોના કાળમાં કોરેન્ટાઈન પેશન્ટોને ઘર જેવું નહીં પણ સમજો ઘરનું જ દાળ, ભાત, શાક, રોટલી જેવું ચોખ્ખું, શુદ્ધ અનેં સાત્વિક જમણ સામાન્ય દરે પહોંચાડવાનું શરૂ કર્યું. ધીરે ધીરે લોકોને જમણ ગમતાં ઓર્ડર વધવા લાગ્યા, ટુર્સના ગ્રાહકોના પણ ઓર્ડર મળતા થયા. જમણ ઉપરાંત મારી સ્પેશ્યાલિટીના જુદા જુદા સ્વાદના કચ્છી પકવાન, મિઠાઈઓ વગેરે શરૂ કર્યું અને અમારા આ કેટરીંગ વ્યવસાયને 'કિચન ક્રાફટ' નામ આપ્યું.

સૌથી મહત્વની વાત, આ વ્યવસાયમાં પરિવારનો સ્નેહ અને દિલથી સાથ મળ્યો. એટલું જ નહીં મારા માતાજી જે ૮૫ વર્ષના વયના છે તે પણ મદદ કરવા તત્પર રહેતા હોય છે.

જમણના ટિફિન સમયસર, ઝડપથી પહોંચાડવા માટે મારી દીકરી મયુરી, જમાઈ જિમિત દંડ અને દીકરો ભૌમિક તત્પર હોય છે. એટલું જ નહીં તેઓ ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ વગરે આધુનિક સાધનોનો ઉપયોગ કરી વ્યવસાયને વિકસાવવામાં મદદરૂપ થઈ રહ્યા છે.

નાસીપાસ થયા વગર હળીમળીને સાથે કામ કરનારા પરિવારથી હું પોતાને સદ્ભાગી ગણું છું. અને આવી કપરી પરિસ્થિતિમાં સપડાયેલા, વ્યવસાય ગુમાવી બેઠેલા લોકોને એક જ સલાહ આપીશ કે કોઈ કામ નાનું મોટું નથી જે શોખ કે આવડત... હોય તે અથવા નવું શીખીને ઝંપલાવવું.

**મહેનત કે આગે જીત હૈ, ઉંમરકી કયા બાત હૈ...!**

(શબ્દાંકન : કેસરસિંહ ખોના)

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા




## Only for KDO's - Notebook Vitran Yojna Centre Details

From : 25th May 2021 • Time : 09:00 am To 11:00 am

### Ghatkopar

102, 1st Floor, Anant Chhaya, 60 feet Road, Ghatkopar (East)
Leena Lodaya +91 97694 11010 • Paras Dharamshi +91 97696 46495

### Thane / Mulund

Shri Virji Mepani Hall, Ground Floor,
Devpunj Building, Valji Ladhabhai Road, Mulund (West).

Krisha Sayla +91 75060 86709 • Umang Lodaya +91 82861 37440

### Bhandup

Anant Siddhi L.B.S Bhandup (West),
Kajal Dhrol +91 90042 96514 • Miral Dand +91 84510 11324

### Wadala / Masjid Bunder

1st Floor, New Anant Bhuvan, Narshi Natha Street, Masjid.
Chirag Lodaya +91 96198 76560

### Dombivli

Hemant's Patho World, Opp. Bank of India, R. P. Road, Chaar Rasta, Dombivli (E)
Saloni Poladia +91 90043 39645 • Jainam Nagda +91 88508 10314

### Rest of Mumbai

Ujwal Lodaya +91 90288 34413

*Note : Please Bring Carry Bags Along With You

*Please Tender Exact Change of Currency

**Rates Are Exclusively For This Pandemic Year Only**

**Membership** For The Year 2021 -2023 Will Be Available At The Above Centers

Follow us on SHREEKDOVS

# અદ્ભૂત, વિરાટ પણ અવિખ્યાત જૈન જ્ઞાન કોષ 'સીરીભૂવલય' ગ્રંથ

આજથી લગભગ ૬૦ વર્ષ પહેલા એક વિરાટ ગ્રંથ પ્રકાશમાં આવ્યો. હજાર વર્ષથી એ ગ્રંથ ક્યાંક અંધારા ગ્રંથાગારમાં ખોવાઈ ગયો હતો. કન્નડ ભાષાના આ ગ્રંથ વિશે ખાસ કરીને ઉત્તર ભારતના જૈન સમુદાય અને શ્વેતાંબર જૈનો જાણતા ન હતા, આજે પણ એ અંગે બહુ ઉત્કંઠા નથી.

સીરીભૂવલય નામના આ ગ્રંથની રચના ૮૫૦ થી ૧૦૦૦ વર્ષ પૂર્વે કન્નડ જૈન મુનિ કુમુદેન્દુ સ્વામીએ કરી હતી. આ ગ્રંથનો આકાર અને એની રચના આશ્ચર્યકારક છે. મળતી માહિતી પ્રમાણે આ ગ્રંથ ૬૦,૦૦૦ પાનાનું હતું અને એ ૧૮ લિપીઓ અને ૮૧૭ ભાષાઓમાંથી કોઈમાં પણ વાંચી શકાય.

આપણે જાણીએ છીએ કે કોઈપણ ગ્રંથ એક જ ભાષામાં છપાય અને એમાં જ વાંચી શકાય પણ આ ગ્રંથ એક જ છે તો આટલી મોટી સંખ્યામાંથી પસંદ કરેલી કોઈપણ ભાષામાં કેવી રીતે વાંચી શકાય ? સમજી શકાય ?

આ પુસ્તકની રચના અક્ષર-શબ્દ કે વાક્યમાં નથી પણ અંકોમાં છે. પુસ્તકની રચનામાં મથાડે સંસ્કૃતનો એક શ્લોક છે પણ બાકીના નીચેના પાને એક ૨૭ x ૨૭ વર્ગમાં સુડોકુ જેવા ૭૨૯ ખાના છે. એ ખાનામાં આંક લખેલા છે. આપણને જે કોઈ ભાષામાં આ પુસ્તક વાંચવું હોય તો દાખલા તરીકે ગુજરાતીમાં વાંચવું હોય તો કક્કા બારાખડીના અક્ષરોને ક્રમાંક આપી એનું મૂલ્ય આંકવું. એ માટે ૧, આ માટે ૨, એમ એ મૂલ્ય આંકતા આખા વર્ગ પાનામાં એક સાંગથ્ય કે કવિતા તૈયાર થાય છે. શૂન્ય સિવાયના ૧ થી ૬૪ આંક સુધીના આંકડાનો ઉપયોગ કરાયો છે. અદ્ભૂત અને અવિશ્વસનીય લાગે છે. મુનીની કેવી બુદ્ધિ પ્રતિભા !

કન્નડ માન્યતા મુજબ રૂષભદેવ દાદાને ૧૦૧ પુત્રો અને બે દીકરીઓ હતી. આપણે ભરત અને બાહુબલી વિશે જાણીએ છીએ પણ પુત્રીઓ વિશે માહિતી બહુ પ્રચલિત નથી.

આદિનાથ દાદાએ સંન્યાસ લેતા પહેલાં પોતાનું રાજ્ય અને સર્વ સંપત્તિ મુખ્યત્વે ભરત અને બાહુબલીમાં વહેંચી દીધી. એટલે એમની બંને પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીએ પિતા પાસે માંગણી કરી કે અમને કંઈક અવિનાશી સનાતન સંપત્તિ આપો. આથી આદિનાથ ભગવાને એકને ભાષા-અક્ષરનું જ્ઞાન આપ્યું. અને બીજીને અંક-વિજ્ઞાન આંકડાનું જ્ઞાન આપ્યું.

આ અંકજ્ઞાનના આધારે મુખ્યતઃ કન્નડ આંકના સાંગથ્ય પદ્ધતિમાં રચિત ૬૦૦૦૦ કાવ્ય છે જે સંપૂર્ણ મહાભારત મહાકાવ્ય કરતાંય છ ગણી વિશાળ રચના છે. જો કે હાલ આ ૬૦૦૦૦ માંથી ૧૨૭૦ પાના જ ઉપલબ્ધ છે. મૂળ ૨૬ પ્રકરણોમાંથી અત્યાર સુધી ત્રણ પ્રકરણ જ ઉકેલી શકાયા છે.

ઉકેલી શકાયેલી માહિતીના આધારે આ ગ્રંથમાં ગણિત, રસાયણ, ભૌતિક વિજ્ઞાન, ખગોળ શાસ્ત્ર, ઔષધ વિજ્ઞાન, ઈતિહાસ અને અંતરીક્ષયાત્રા વગેરેને આવરી લેવાયા છે. એટલું જ નહીં ગ્રંથના પ્રથમ સંસ્કરણના સંપાદક કાલમંગલમ શ્રીકાંતના જણાવ્યા પ્રમાણે ગ્રંથમાં જળ અને અંતરીક્ષમાં ચાલવા બાબતની સૂચનાઓ પણ આપવામાં આવી છે. સાથે અદ્યતન શસ્ત્રાસ્ત્રોના નિર્માણ વિશે પણ ઉલ્લેખ છે.

ગ્રંથના કર્તા કુમુદેન્દુસ્વામી બેંગલોર (બેંગલૂરૂ) નજીક યલાવલ્લીમાં રહેતા હતા. 'સીરીભુવલય'ની ઉપલબ્ધ નકલ ડુડાબેલી ખાતેથી મળી આવી હતી. ત્યાંના પંડિત ધરણેન્દ્રે માત્ર આંકડા વાંચી આ ગ્રંથ વાંચ્યું હતું અને ગ્રંથના અભ્યાસ માટે બેંગલોર ખાતે એક લેબોરેટરીની સ્થાપના પણ કરી હતી. પણ એ પંડિત ૧૯૧૮માં ગુજરી ગયા એમના સંબંધી યલપ્પા શાસ્ત્રીએ આ ગ્રંથને પ્રચારિત કર્યો. ગરીબીના કારણે ગ્રંથનો અભ્યાસ મુશ્કેલ થઈ ગયો. રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે આ ગ્રંથની ખૂબ પ્રશંસા કરી હતી.

હાલમાં આ ગ્રંથના અભ્યાસનું કામ બેંગલોરમાં ચાલી રહ્યું છે અને એક પ્રતિ નેશનલ આર્કાઈવમાં રાખવામાં આવી છે. આશા છે આ ગ્રંથ વિશે લોકોનો રસ વધશે. અને વધુને વધુ વિદ્વાનો એના અભ્યાસમાં જોડાશે.

– કેસરસિંહ ખોના

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**

**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત દશ સંદેશા લેવાના છે.**

**સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

## હાલાર તીર્થ દર્શન - રમણીય ડબાસંગ તીર્થ

ભલારા દાદાના ધામ એવા લાલપર તાલુકામાં નાનું પણ સુંદર ડબાસંગ તીર્થ છે. જેને તીર્થોપમા પ્રદાન કરનાર ૨૩મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ દાદાનું સ્થાનક આવેલું છે.

પરમ પ્રભાવક ચિંતાહરણ ચિંતામણિ પાર્શ્વનાથ મૂળનાયક છે. એમની શ્વેતવર્ણી પદ્માસને વિરાજમાન પ્રતિમા અત્યંત પ્રભાવશાળી છે.

પાયાવિધિ વિક્રમ સંવત ૧૯૫૫ ના મહાસુદ ૫ ના રોજ થયા બાદ સંવત ૧૯૬૧ના મહા સુદ ૫ ના ગુરૂવારે મુનિ મહારાજ ચારિત્ર્ય વિજયજીના ઉપદેશથી કરાઈ હતી.

નિર્માણ ખર્ચ ડબાસંગના શેઠ શ્રી લાખાજી રાજપાળ તથા હીરા રાજપાળ હસ્તક તેમના પુત્રો રાજશી, વીરપાર લાખા રણમલ, નથુ અને વીરપાર હીરા તરફથી કરવામાં આવ્યો હતો. ઉપરાંત હાલારી વીશા ઓસવાલ દેરાવાસી જૈન સંઘ ડબાસંગનો સહકાર પણ નોંધપાત્ર રહ્યો હતો.

જિનાલયનો શતાબ્દિ ઉત્સવ મહાસુદ ૧૫ તા. ૨૬-૦૧-૨૦૦૪ સોમવાર, સંવત ૨૦૬૦ ના દિને દેશ પરદેશમાં વસતા ડબાસંગના શ્રાવકો અને હાલાર હીરક આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મ. સા. અને પ.પૂ. હાલારરત્ન મુનિરાજ મહાસેન વિજયજી મ.સા. ની દિવ્ય કૃપાથી તેમના શિષ્યરત્ન પ.પૂ. પંન્યાસ વજ્રસેન વિજયજી ગણિવર્ય સહ ૭૦ સાધુ-સાધ્વી ભગવંતગણની પાવન નિશ્રામાં ૨૪ પરમાત્માના રથુક્ત વિશિષ્ટ રથયાત્રા અને ૧૦૦ કમાન સજ્જિત પ્રસંગ ઉજવવામાં આવેલ. વળી હાલારના બાવન ગામના નાત તેડા યુક્ત આ ભવ્યાતિભવ્ય ઉત્સવ ડબાસંગ જૈન સંઘ અને શ્રી ડબાસંગ જૈન પ્રગતિ મંડળ મુંબઈના નેજા હેઠળ ઉજવાયો હતો.

સંપર્ક સૂત્ર : નેમચંદ શાહ - ૯૯૧૩૯ ૦૪૬૩૦

સંકલન : ચેતન નાગડા, ભૂપેન્દ્ર ડાઘા અને વિશ્વજીત લોડાયા. પ્રસ્તુતિ : કેસરસિંહ ખોના

---


## Shradhanjali



**Shri Navinchandra Narshi Momaya**

18-01-1945 -- 13-05-2021

Always loved, Never forgotten,
Forever missed

**From : Momaya & Kamani family**


### સખીવૃંદ પુણે,



એપ્રિલ મહિનાની મીટીંગ જીનલ કુણાલ નાગડા એ ગુગલ મીટ પર તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૧ના કરી તેઓએ સખીઓને સુંદર સ્ટ્રીંગ આર્ટના વિષયથી પરિચિત કરાવ્યા. મહાવીર જયંતી નિમિત્તે તેમણે સૌ સખીઓ માટે લાલ રંગના ડ્રેસ કોડનો થીમ રાખ્યો હતો. તે સાથે જ જાતે બનાવેલા વિવિધ સ્ટ્રીંગ આર્ટિકલ ઘરમાં સુશોભિત કર્યા હતા. વધુમાં તેમણે નવી નવી કલાત્મક ડિઝાઈન તૈયાર થાય એનું જ્ઞાન આપ્યું.

સાતત્ય ના તૂટે તેવી પરંપરામાં લતાબેન મોમાયા અને પુષ્પાબેન લોડાયા એ અઘેનિ ના ભાગમાં તેના વિધિ- ઉદ્દેશ સાથે જ તેમાં ગવાતા સુરીલા ગીતોની રજૂઆત કરી. લેખા માલદે એ સૌનો આભાર વ્યક્ત કર્યો.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

# શોધમાં

લેખક : સ્વ. ઉમરશી જેઠાભાઈ કુરૂવા (ગોધરા – અમદાવાદ)

**(નોંધ : આ લેખ ઈ. સ. ૧૯૪૦માં પ્રગતિમાન દશા મેગેઝીનમાં પ્રકાશિત થયેલ હતો.)**

ઘણા દહાડા સુધી વાત છાની રાખી. હવે નથી રહેવાતું. છૂપી કથની છે. પણ કહ્યા વિના છૂટકો નથી. બોલતાં લાજી મરૂં છું. પણ શું કરૂં ?

ભયંકર દુઃખમાં સપડાયેલી છું. તમારા જેવા કેટલાયે વિદ્યાર્થીઓએ મ્હારાં આંસુ લૂછવા ભગીરથ પ્રયત્નો કર્યો. પોતાની આખી જીંદગી ખર્ચી. પરંતુ મ્હારૂં દુઃખ દૂર ન થયું તે જ થયું.

મ્હારો જન્મ કયારે થયો તેની મને ખબર નથી. પણ આજે હું પૂર્ણિમાના ચંદ્રની માફક શોભું છું. ભર જુવાનીમાં હું ચોસઠ કળા સહિત છું., મને પૂજનારા ઘણા છે. સર્વ વાતે સુખી છું. પણ એક ભયંકર દુઃખ છે.

હું હજુ સુધી કુમારી છું. મ્હારો હાથ લેવા હજારો લાખો મનુષ્યો તૈયાર છે પણ મને કોઈ પાત્ર પસંદ નથી. એ પામર ઉમેદવારો મ્હારા માટે અખંડ તપશ્ચર્યા કરે છે. પણ હું રીઝતી નથી. ખોટો ડોળ કરે છે. જુઠ્ઠા વચનો આપી પોતાના પ્રત્યે લલચાવે છે. પણ થોડા જ સમયમાં પોકળ ફૂટે છે. હું તેમને ધિક્કારી તેમનાથી દૂર નાસી જાઉં છું.

મ્હારી યુવાની હું કેમ પસાર કરી રહી છું. તે કોઈપણ સમજી શકે છે. આપ મને ગર્વિષ્ઠ સ્વચ્છંદી બાળા સમજતા હો તો ગંભીર ભૂલ છે. આપની જેમ મ્હારે પણ અમૂક સિદ્ધાંત છે. એ સિદ્ધાંતોને તોડી, મ્હારાથી, આજની યુવતીઓની માફક મિત્રતા બાંધી ન શકાય.

હું એક ખાનદાન કુટુંબની બાળા છું મારી ખાનદાની વિષેનો વિચાર કરવાનું આપને સોંપું છું. મ્હારી પાસ અખૂટ વિદ્યાધન છે. એ બધુંયે ધન હું મારા પ્રિયપાત્રને ચરણે ધરવા તૈયાર છું પણ હજુ સુધી તે પાત્રને મેળવી શકી નથી. એને મેળવવા અખંડ પ્રયત્નો કરી રહી છું. એની ચિંતામાં મ્હારૂં તેજ ઓછું થતું જાય છે. મને એક મોટો ભય છે. કદાચ, હું એમને એમ જ એ ખજાનો કોઈને પણ બતાવ્યા વિના ચાલી જઈશ તો, મ્હારા પૂ. પિતાશ્રીજીને શું જવાબ આપીશ ? દુનિયા મને શું કહેશે ?

દુનિયા પાછળથી ઠપકો ન આપે, એટલા માટે અને ખુલા શબ્દોમાં કહી રહી છું, 'મને પ્રિય પાત્ર જોઈએ છે. ગરીબ હો યા ખાનદાન, બાલ હો યા વૃદ્ધ, યુવાન હો યા યુવતિ, પણ નિઃસ્વાર્થી, એક દેવ યા દેવીને પૂજનારો.

આ જાહેરાત કાંઈ આજ પહેલી જ નથી. કેટલીયવાર મેં કરી છે. પણ હજુ સુધી પરિણામ શૂન્ય છે. આજે કોઈ વિદ્યાપ્રેમીઓ, મને મેળવવા વિદ્યાપીઠોમાં અખંડ તપ કરે છે, કોઈ પર્વતોની ગુફાઓમાં, એકાંતમાં બેસી મારી આરાધના કરે છે. કોઈ જીવનનાવમાં બેસી મ્હારૂં એક ધ્યાન ધરી રહ્યા છે. મને મેળવવા, પોતાના દાસી બનાવવા, સખી બનાવવા, સર્વ કોઈ સંપૂર્ણ પ્રયત્નો કરી રહ્યાં છે. મ્હારી શરતો કોઈ જોતું નથી. હું કેવી રીતે તેમને માળા પહેરાવું ?

એક ભાઈ છે, જેમણે મને મેળવવા માટે પોતાની અર્ધી જીંદગી સુધી સખત પ્રયત્નો કર્યા, હજુ પણ ચાલુ છે. ધન પણ પુષ્કળ ખર્ચ્યું. પણ મ્હારી મહેરબાની મેળવી શક્યા નહિ. ક્યાંથી મેળવી શકે ? પોતાની દાસી બનાવવા ઈચ્છે છે મને, અને છૂપી રીતે પ્રેમ કરે છે લક્ષ્મીદેવી સાથે. આ શું એમનું એકપત્નીવ્રત છે કે આટલે સુધી અધયન કરીશ. પછી આમ પૈસો મેળવીશ ને તેમ મેળવીશ. એમને કોણ પસંદ કરે ?

બીજા એક ભાઈ છે, જે તદ્દન સાદા છે. દુનિયાને મન નિઃસ્વાર્થ અને પરમ સાધુ છે. મ્હારી મહેરબાની મેળવવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે. પણ અંદરથી ચાહે છે કીર્તિદેવી ને, કહો કેવી રીતે એમને પરણું ?

હે પિતાજી ! હવે શું કરું ? પિતાની આજ્ઞા છે કે વારસો શોધ્યા વિના મ્હારી પાસે આવતી નહિ, સિદ્ધાંતોની ઉપરવટ થઈ લગ્ન કરતી નહીં. ખરેખર ! પ્રશ્ન વિકટ છે. કોણ મદદે આવશે ?

લગ્ન તો અસંભવિત છે. કારણ કે પુરુષ જાતિ તો સ્વાર્થવૃત્તિથી ભરેલ છે. એટલે એમની દુનિયામાંથી કોઈ પાત્ર મળે એમ નથી. કુમારી રહીશ, પણ અખૂટ ધનનું શું ? કોને વારસો સોંપીશ ? હા એક રસ્તો છે. જો સ્ત્રીઓની દુનિયામાંથી કોઈ એવી સ્ત્રી મળી જાય કે જેને લક્ષ્મીદેવી કે કીર્તિદેવી સાથે મિત્રતા બાંધવાની ઈચ્છા ન હોય તો મારે સંકટ દૂર થાય પણ એવી મૂર્તિ કયાંથી અને ક્યારે મળે ?

હે પ્રભો ! આ વિકટ પ્રશ્ન તુજ ચરણે ધરું છું. આશરે આવેલાનું રક્ષણ કરજે. હું છું વીણાધારિણી સરસ્વતી...

# કચ્છનું તેજ - કવિ 'તેજ'

કચ્છી સાહિત્ય ને સમૃધ્ધ બનાવવામાં અભૂતપુર્વ યોગદાન આપનાર કવિ તેજનું તા ૧૬-૪-૨૧ ના પ્રાણપંખેરૂ સદાયને માટે ઉડી ગયું. કવિ તેજ પ્રકૃતિ પ્રેમી હતા. વન વગડામાં વિચરીને પશુ- પક્ષીઓના જીવનમાં પણ ઊંડા ઉતરી ને સંશોધન કરનાર મહાન કવિ હતા. પોતાના અંતરાત્મામાં જે વિચારો પ્રસ્ફુટિત થતાં તે કટાક્ષ અને વ્યંગમાં અભિવ્યક્ત કરવાની કળામાં પારંગત હતા. એક કે બે પંક્તિઓમાં રમૂજી શૈલીમાં અભિવ્યક્ત કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ બનાવી દેતા. કવિ તેજ પોતાની સહજ કળા વિશે લખી રહ્યા છે.

**'કોદરત વટા સેખ્યો અઈંયા ને કાગરતે લેખ્યો અઈંયાં'**

આમંત્રણ વગર ટોળું ક્યારે ભેગું થાય તે વિષે કવિ તેજ ના શબ્દોમાં.

**'કાં ડાંઢી, કાં ટાંઢી'**

ઢોલ નગારા વાગે કે બે પક્ષોમાં બોલાચાલી કે મારામારી થાય તો તમાશો જોવા ટોળું એકત્ર થાય .

આ સંસારમાં પદાર્પણ કરનાર સર્વેનું મોત તો નિશ્ચિત જ છે પણ માનવે આદરેલા સત્કાર્યોની સુવાસ વિદાય પછી પણ મહેકી ઉઠશે તે વિશે કવિ તેજ ના ઉદગાર છે .

**અજ નઈંયો તાં કોરો થયો કડેંકતાં હોવાસીં**

અન્યત્ર કવિ તેજ લખે છે

**ફોલ ખેરેતો બોસ્કાર ખેરે નતી**
**માડુ મરેતો માણસાઈ મરે નતી**

અભિમાનના ફાંકામાં ઢોંગી સમાજ સેવકોના ધતિંગ ને ઉજાગર કરતી કવિ તેજની વાણી

**મોરલેજા પખ ખોંડે કાગ વેઠા ઓંડેં અજ**
**ગુણ કેડાં પૂજાજેંતા ધૂપ થીયે રૂપજો**

મા ભોમ માટે પોતાના જીવનનું બલિદાન આપનાર વીર યોદ્ધાઓ વિશે કવિ તેજ પોતાની લાક્ષણિક શૈલીમાં લખે છે.

**મા ભોમકાલા જોકો ખપીને ખાક થી વેંધા**
**તેંજો જગ ઈતિહાસ જે પન્ને રોંધો નામ સદાય અમર**

કુદરતની અપરંપાર લીલા વિશે કવિ તેજ લખે છે.

**હેકડે જ ખેતર મેં કોદરત કરે ખેલ**
**બાજર મેં અટો ભરે તેરે મેં ભરે તેલ**

વીસ વર્ષ સુધી દાંપત્યજીવન નીભાવનાર પત્ની જયાબેનનું તારીખ ૨૦ -૧૧-૮૩ના એકાદ કલાકની ટૂંકી માંદગી ભોગવ્યા પછી દેહાવસાન થયું. વિરહ વેદનામાં ઝૂરી રહેલ કવિ તેજના કરકમલો દ્વારા 'વિલાપની વાણી' અને 'દર્દની વાણી' પુસ્તકોનું સર્જન થયું. આ બંને ચોપડી કરૂણ રસથી ભરપૂર છે જેમાંથી બે અવતરણ અત્રે ટપકાવું છું.

**જયા તોજી ચી બરી કરે વાની થેઇ**
**અંધર લગિ ઈ સે ઘડી ઘડી ભડકા કરે**

---

**વૈધેં કે ચેઇ છડ્યો નાડ અસાંજી છડે ડીંયે**
**અસાંજે ધર્ધજી હેત કો ધવા નાયં.**

કવિ તેજ ના જીવનમાં ઘટેલ બે સત્ય ઘટનાઓ અત્રે પ્રસ્તુત કરું છું .

એક વખત ગાંધીધામથી વતરો ભરેલો ખટારો નલીયા આવી રહ્યો હતું ત્યારે સામેથી હાડકા ભરેલી લોરી આવી રહી હતી. બને લોરીઓનું ઘર્ષણ થયું. ત્યારે ઘણો વતરો રસ્તામાં જ હારવીર થઈ ગયો. લોરી નલિયા આવી ત્યારે કર્મચારીઓ ભાડાની રકમ આપવા આનાકાની કરી રહ્યા હતા ત્યારે કવિ તેજનું ત્યાં પદાર્પણ થયું. કવિ તેજ પરિસ્થિતિનો તાગ સમજી ગયા અને કુદરતી કવિ તેજના મુખારવિંદથી ઉદગાર સરી પડ્યા.

**ઉ ઢોર વેચારા કેડા કમોતેં મોઆ હુંધા કે,**
**ઓનીજેં હડકેં પણ વતરેંમે વાત વેધાં.**

કવિ તેજની કાવ્ય સર્જન શક્તિની કદર કરીને કચ્છ શક્તિ સંસ્થાએ કવિ તેજ ને 'સાહિત્ય રતન' નો ઇલ્કાબ આપવાનો નિર્ણય લીધેલ તા. ૧૦-૦૭-૧૯૯૪ ના મુંબઈના બિરલા માતુશ્રી સભાગૃહમાં પારિતોષક આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ત્યારે કચ્છ શક્તિના પ્રમુખ હેમરાજ શાહે કવિ તેજને કહ્યું કે તમને સાહિત્ય રત્નનો એવોર્ડ આપવામાં આવશે તે વિશે તમારા વિચારો સંભળાવો. હાજર જવાબી કવિ તેજે કહ્યું..

**અઈં પ્રેમથી કોઠાયા તડેં વતનથી આયો અઈંયાં,**
**હાણે કચ્છ વેિમને ચોંધોં સેં આવું રતન થઈ આયો અઈંયા.**

અંતમાં કવિ તેજ ના આત્મા પ્રતિ હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીને મારી કલમને વિરામ આપું છું .

- રમેશચંદ જયચંદ નાગડા, કોપ્પલ

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મુંબઈ મહાજન દ્વારા કોરોના નિઃશુલ્ક કન્સલટેશન

કોવિડ ૧૯/ કોરોનાની બીજી લહેર પુરજોશમાં છે ત્યારે... એ રોગચાળાના લક્ષણ દેખાય તો ગભરાયા - નાસિપાસ થયા વિના ડૉકટરની સલાહ લઈ ઉપચાર શરૂ કરવું.

આ રોગ લાગુ પડવાની સ્થિતિમાં નીચે મુજબ લક્ષણો જણાઈ શકે છે.

* તાવ, ઠંડી લાગવી
* કફ, ગળામાં ખરાશ
* શ્વાસમાં ગભરામણ
* થાક લાગવો
* સ્નાયુ/શરીરમાં દુઃખાવો
* માથામાં દુઃખાવો
* ગંધ કે સ્વાદની ખબર ન પડવી
* નાક, ગળામાં રૂંધામણ કે નાક ગળવું
* ઝાડા થવા,ઉબકા કે ઉલ્ટી થાય

ઉપરોક્ત લક્ષણોમાંથી કોઈપણ એક કે વધુ લક્ષણ દેખાય તો ડૉકટરોએ આપેલા સમય પ્રમાણે ફોન કરી સલાહ લેવી આ માટે કોઈ ફી ચુકવવાની નથી.

ડૉ. હરીશ લાપસિયા : ૯૮૨૦૦ ૮૭૮૯૭ (સ. ૮ થી ૧૦)
ડૉ. સપના ચવ્હાણ : ૯૩૨૨૯૮૦૯૯૩ (સાંજે ૬ થી ૮)
ડૉ. મંજુષા કુરૂવા : ૯૮૩૩૫ ૩૩૩૪૧ (સવારે ૧૦ થી ૧૧)
ડૉ. હેતલ નાગડા : ૯૯૮૭૪ ૫૬૧૧૨ (સાંજે ૬ થી ૮)
ડૉ. યશ છેડા : ૯૮૧૯૨ ૯૯૧૬૧ (બપોરે ૩ થી ૫)
ડૉ. તારક શાહ : ૯૦૦૪૯ ૨૭૭૯૯ (સાંજે ૭ થી ૯)

### કોરોના વિરૂદ્ધ જંગમાં ખભેખભા મિલાવતા મુંબઈ મહાજન અને ધરમશી પરિવાર

કેડીઓ જ્ઞાતિજનોને કોરોનાની સામે લડતમાં સહયોગ અને હુંફ આપવા બરાબરીના ધોરણે અનંતનાથજી મહારાજ ટ્રસ્ટ અને શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારે સહભાગિતાના હાથ મિલાવ્યા છે એમ મુંબઈ મહાજનશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ પ્રેરિત સહાય

જરૂરિયાતવાળા જ્ઞાતિજનો માટે શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ પ્રેરિત વિવિધ મેડિકલ સહાય ઉપલબ્ધ કરાશે. એચ.આર.સી.ટી. ચેસ્ટ માટે રૂા. ૧૫૦૦/-ની સહાય મળી શકશે એ માટે દરદીની વિગત, ડૉકટરની ભલામણ ચીઠ્ઠી, શહેરનું નામ, આધાર કાર્ડની કોપી, દરદીનો મોબાઈલ નંબર ઉપરાંત (GPAY No./ચેકનો ફોટો) અને કોડ HRCTkdo નોંધી યોગેશભાઈ કુરવા મો : ૯૮૯૨૭૪૧૪૧૪ પર વોટ્સએપ મેસેજ કરી ફોન દ્વારા જણાવવું.

### કોવિડ સારવાર માટે રૂા. ૧૦૦૦૦/- ની સહાય

ટ્રસ્ટને યોગ્ય લાગશે તો વધુમાં વધુ રૂા. ૧૦૦૦૦/- ની સહાય કરશે. ઘરમાં જ સારવાર લેવાની સ્થિતિમાં નર્સ દ્વારા રોજ, ડૉકટર દ્વારા ૧,૩,૫,૭,૯,૧૧ અને ૧૪ માં દિવસે ચેકઅપના પેકેજ માટે રૂા. ૪૨૦૦ સહાય (આમાં કોઈપણ ટેસ્ટ કે દવાઓ સામેલ નથી)

જેને ઓનલાઈન પરિક્ષણમાં ટ્રસ્ટ નિયુક્ત ડૉકટરને કોરોનાના પ્રારંભિક કે હળવા રોગના લક્ષણ જણાયા હશે તેને વળતરની રકમ મેળવવા પાત્ર ગણાશે.

વોટ્સએપ અરજીમાં મો. નં. ૯૮૯૨૭ ૪૧૪૧૪ પર યોગેશભાઈ કુરવાને ડૉકટરનું નામ તથા દરદીની સંપૂર્ણ વિગત,આધારકાર્ડની કોપી સાથે આપવા બાદ ફોન પર સૂચિત કરવું જરૂરી રહેશે. એમ અનંતનાથજી મહારાજ તથા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ,મુંબઈની યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ સિવાય સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાની સ્થિતિ થાય તો તે બાબતે જરૂરી માહિતી સાથે કુમાર બાબુભાઈ દંડને ૯૯૨૦૯૩૫૪૧૪ અથવા મનિષા ચેતન શાહને ૯૮૬૯૫૭૬૫૨૭ પર વોટ્સએપ કરી ફોન કરતા આવશ્યક દસ્તાવેજ મોકલવા બાબત માર્ગદર્શન અપાશે. હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર લેનારને રૂા. ૫૦૦૦૦/- સુધીની વધુમાં વધુ સહાયની જોગવાઈ છે.

### કેડીઓ જીવીસી જૈન સંઘની સહાય

કોરોનાના પરિણામે મુસીબતમાં સપડાઈ ગયેલા જ્ઞાતિજનોને સાધર્મિક ભક્તિ યોજના હેઠળ કેડીઓ જીવીસી જૈન સંઘ તરફથી મે, જૂન અને જુલાઈ ૨૦૨૧ના સમય ગાળા માટે સહાય આપવાનો નિર્ણય લેવાયો છે. તે મુજબ દરેક પરિવારને (ચૂલા) દીઠ અનાજની કિટ મફત આપવામાં આવશે તથા જેમના માટે શક્ય હશે તેમને રૂા. ૭૫૦/- માં અપાશે. હોમ કવોરેન્ટાઈન માટે વ્યક્તિ દીઠ

રૂા. ૧૦૦૦૦/- નરસી નાથા મેડિકલ ટ્રસ્ટ તરફથી અને રૂા. ૫૦૦૦/- જીવીસી જૈન સંઘ તરફથી આપવામાં આવશે. સીટી સ્કેન માટે વ્યક્તિ દીઠ રૂા. ૧૫૦૦/- શેઠ ન. ના. મે. ટ્રસ્ટ તથા રૂા. ૧૫૦૦/- જીવીસી જૈન સંઘ તરફથી આપવામાં આવશે. મે થી જુલાઈના ત્રણ મહિના દરમિયાન કોરોના દરદીના પરિવાર માટે નિઃશુલ્ક લંચ અને ડિનર વ્યવસ્થા ઉપરાંત બધા પ્રકારના હેલ્થ ચેકઅપ, એકસરે, સીટીસ્કેન વગેરે માટે એક જ છત્ર નીચેના ટેસ્ટ હેઠળ ૩૦ ટકા સહાય અને વિઝિટ ફી રૂા. ૧૦૦/-ની મદદ કરાશે. ટેસ્ટ વિઝિટ સમયે જીવીસી હેલ્થ કાર્ડ રજુ કરવું જરૂરી છે.

| | |
|---|---|
| અનીલ શામજી ખોના | ૯૨૨૪૨ ૮૦૩૧૪ |
| કૌશિક હીરાચંદ દંડ | ૯૮૨૦૧ ૬૭૭૬૭ |
| જીતેન્દ્ર ઉમરશી લોડાયા | ૭૪૯૮૧ ૬૬૮૦૩ |
| ચિરાગ રજનીકાંત નાગડા | ૮૬૫૨૬ ૮૧૬૮૬ |

**શેઠશ્રી રાયચંદ ધરમશી પરિવાર - વરલી (સુથરી) તરફથી ઓકસીજન મશીન સહાય**

આ સહાય માત્ર મુંબઈ અને આસપાસના પરા વિસ્તારમાં રહેતા જ્ઞાતિજનોને જ ઉપલબ્ધ રહેશે. જરૂરતમંદ જ્ઞાતિજને ઓકસિજન મશીન માટે મો. ૮૨૯૧૩ ૯૦૯૧૪ પર બુકીંગ કરાવવાનું રહેશે જે માત્ર સાત દિવસ પૂરતી મર્યાદા માટે મળશે. આ માટે ડૉકટરનું પ્રિસ્ક્રીપશન, ઘરે રહીને ઓકસીજનની જરૂરિયાત હોય તે દરદી માટે, રોગનું નિદાન થયું હોય પણ હોસ્પિટલમાં બેડ ન મળતી હોય અથવા હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ઘરે રહીને ઓક્સીજનના નીચા સ્તર માટે જરૂર હોય તેમને જ મશીન ઉપલબ્ધ કરાવાશે

વધુમાં મશીન લઈ જવા અને પરત પહોંચાડવાની જવાબદારી લાભ લેનારની રહેશે. સાત દિવસની અંદર પરત પહોંચશે તો લેવામાં આવેલી રૂા. ૫૦૦૦/- ડિપોઝીટનો ચેક પરત અપાશે. વળી મશીનને કોઈ પણ જાતની નુકસાની પહોંચશે તો તેનું વળતર ચુકવવાની જવાબદારી પણ લેનારના શિરે રહેશે.

**ડોંબીવલી મંડળની કોરોના સહાય યોજના**

ડોંબીવલી મંડળના કાર્યક્ષેત્રમાં વસતા જ્ઞાતિજનોને સહાયરૂપ થવા વ્યવસ્થા કરી છે. પ્રાથમિક તબક્કે ૪૫ વર્ષથી વધુ વયના જ્ઞાતિજનોનું રસીકરણ નથી થયું તેઓએ પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયાને મો.નં. ૯૯૬૭૫ ૪૬૦૨૬ ઉપર સરનામું, મોબાઈલ નં. નામ અને ઉંમર પ્રથમ કે બીજો ડોઝ, અને સંબંધિત રસી કંપનીનું નામ તથા આધાર કાર્ડનો ફોટો મોકલી દેવાનું છે.

રસીકરણની પૂર્ણ પ્રક્રિયા સરકારી હોવાથી માત્ર આપણી જ્ઞાતિ માટે અલગ વ્યવસ્થા સંભવ ન હોઈ મંડળ તરફથી ૫-૭ જણના રસીકરણની વ્યવસ્થાનો પ્રયાસ કરાશે. ધીરજ રાખી જે સેન્ટર પર જવાની સૂચના અપાય ત્યાં સમયસર પહોંચવાનું રહેશે.

શ્રી ક.દ.ઓમંડળ ડોંબીવલી તરફથી મંડળના પરિસરમાં વસતા જ્ઞાતિજનોને આર ટી પી સી આર ટેસ્ટ ફીની રકમ રૂા. ૯૦૦ ની મર્યાદામાં રિફન્ડ આપવાનું ઠરાવ્યું છે. મંડળની યોજના મુજબ જે જ્ઞાતિજનોએ ૧-૪-૨૧ કે ત્યારબાદ કરાવેલા ટેસ્ટની ચૂકવણીની રકમની રસીદ ગૂગલ લિંક પર ૧૬-૫-૨૧ બાદ રજુ કરવાથી રૂા. ૯૦૦ કે ટેસ્ટ ફી માંથી જે ઓછી હશે તે રકમ આપવામાં આવશે.

સંપર્ક : અનુજ લોડાયા - ૯૫૭૯૭ ૮૭૮૦૦
પ્રિંસ ધરમશી - ૮૬૫૫૮ ૨૫૮૨૧
ધવલ ખોના - ૯૮૨૦૪ ૨૬૫૨૮

**સર્વોદય મંડળ - મુલુંડ**

સર્વોદય મંડળ મુલુંડના પ્રમુખ મયુર મણિકાંત ધુલ્લાની યાદીમાં તેમણે વખતોવખત જાહેર કરેલી કોરોના સંબંધી સાવચેતીઓનું ચીવટથી પાલન કરવાની અપીલ કરી છે. યાદીમાં આગળ જણાવવામાં આવ્યું છે કે મંડળના કાર્યક્ષેત્રમાં રહેતા જરૂરતવાળા જ્ઞાતિજનો જે કોરોનાગ્રસ્ત હોમ ક્વોરેનટાઈન હેઠળ હોય તેમના માટે કદઓ જૈન સર્વોદય મંડળ તરફથી સંબંધિત દરદીના નિવાસસ્થાને બપોર અને સાંજનું ટિફિન પહોંચડાવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ટિફિન સર્વિસ માટે જ્ઞાતિજનોને અહીં જણાવ્યા પ્રમાણે સંપર્ક કરવો

| | |
|---|---|
| મયુર ધુલ્લા | ૯૮૨૦૦ ૯૧૯૧૯ |
| જિજ્ઞેશ મોતા | ૯૮૨૧૪ ૪૨૦૦૫ |
| રોબીન નાગડા | ૯૩૨૩૪ ૭૫૮૩૭ |
| કલ્પેશ શાહ | ૭૦૨૧૪ ૧૧૭૪૮ |
| સંદિપ શાહ | ૯૮૬૭૧ ૬૭૩૮૭ |

આ સિવાય નક્કી કરાયેલા ધારાધોરણ મુજબ આર્થિક અને મેડિકલ સહાય (વીમા ધારક ન હોય તેમના માટે) કોઈપણ માહિતી જોઈતી તો તો તેમણે યશોધન કારાણી ૯૮૨૧૧ ૩૭૭૩૭, રાજેન ધુલ્લા ૯૩૨૩૯ ૮૪૨૨૧, પ્રેમ ચુરલા ૯૮૨૦૨ ૯૧૮૬૯, અનિક ધરમશી ૯૮૩૩૬ ૬૨૦૫૦, ભૌમિક શાહ ૯૯૬૭૦ ૩૨૧૦૦, નિશાંત નાગડા ૯૮૭૦૩ ૩૭૩૭૮ નો સંપર્ક કરવો.

# દુઃખદ નિધન



**શ્રી જયંત ભવાનજી સોની - સુથરી (ખાર)**

ક દ ઓ જ્ઞાતિના અગ્રણી બિલ્ડર (જોય બિલ્ડર્સ) તા. ૨૦-૫-૨૦૨૧ના અરિહંતશરણ થયા છે. જ્ઞાતિના સેવાકાર્યોમાં હમેશા સહયોગી એવા સેવાભાવી સજ્જનને શ્રધાંજલિ.

- પ્રકાશ સમીક્ષા સમિતિ

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### હિંગલાજ મંદિર ગેડી

એવી માન્યતા છે કે પાંડવો વનવાસ દરમિયાન ગેડી અને ખડીર જેવા વિસ્તારોમાં વિચરણ કરતા હતા એ પ્રદેશના ઐતિહાસિક ગામ ગેડીની ઓતરાદે ટેકરી પર પ્રાચીન હિંગલાજ માતા વિરાજમાન છે. એ મંદિરની જાત્રાએ નવરાત્રીમાં હજારો ભાવિકો દર્શનાર્થે પધારે છે. પણ એ વિસ્તાર સર્વ સુવિધાઓથી સંપન્ન હોવા છતાં હરિયાળીથી વંચિત છે. આથી ગામના એક ઈલેટ્રિકલ એંજીનિયર દિવાનસિંહ વાઘેલા સહિત યુવાનોએ ૨૦૦ વૃક્ષ વાવવાની સાથે હરિયાળીનો વિકાસ કરવાનું બીડું ઝડપ્યું છે.

### પ્રતિભાશાળી તનિશ નાગડા

આધુનિક કાળમાં રોબોટ સાયંસના પગરણ સાથે તેના વિકાસમાં તેજી આવી છે. જેની અસર હેઠળ ડોંબીવલીમાં રહેતા મયુર ચાંપશી નાગડાના માત્ર બાર વર્ષીય પ્રતિભાશાળી પુત્ર તનિશ નાગડાએ ટેક્નોલોજી સાથે તાલ મિલાવી જાતે રોબોટિક કાર બનાવી છે અને એને યુટ્યુબ ચેનલ http://youtube/TiHwgHh2kwk પર રજુ પણ કરી છે.

### અતીતના આલેખ

તા. અબડાસાના ધનાવાડા (વિંઝાણ)ના શ્રેષ્ઠી ધનરાજ આશરે સને ૧૬૪૧માં રક્ષેશ્વર મહાદેવ મંદિર અને સેલોર વાવનું નિર્માણ કરી તેમને ભરાવ્યા ત્યારે લગભગ સવા ગાઉ (અંદાજે પાંચ કિ. મી. લાંબી કતારમાં ઉભેલી ગાયોને શણગારી, પૂજી, શિંગડે સોનાની ઘંટડી બાંધી, બ્રાહ્મણોને દાન અને દક્ષિણા આપેલી. (કચ્છની સેલોરના લેખક સંજય પી.ઠાકર અને કચ્છ મિત્રના આભાર સાથે પ્રસ્તુત)

### લખપતની સહુથી જૂની વાવ

લખપતના બૌદ્ધ ગુફા ક્ષેત્ર માટે વિખ્યાત સિયોત પાસે આવેલી તદ્દન સરળ અને સાદી નંદા પ્રકારની વાવ વાઘમ ચાવડાની રાજધાની પાટગઢ તરીકે જાણીતા આ વિસ્તારમાં એક જમાનામાં પાણીનો મહત્વનો સ્તોત્ર હતી. આ સેલોર ૭૦ ફુટ લાંબી આ વાવ ૫૦ પગથિયા ધરાવે છે અને કચ્છના ચાવડા રાજવીઓની સાખ પૂરી પાડે છે.

### લંડન એસેમ્બલીમાં પ્રથમ કચ્છી કૃપેશ હીરાણી

કેરા તા. ભુજ કચ્છના મૂળ વતની બ્રિટીશ નાગરિક બનેલા કૃપેશભાઈ હીરાણી ગ્રેટર લંડન કાઉન્સિલમાં લેબર પાર્ટી તરફથી બ્રેન્ટ હેરો વિસ્તારના પ્રતિનિધિ તરીકે ૨૧૦૦૦ મતની સરસાઈ સાથે વિજયી નિવડ્યા છે. કૃપેશભાઈ આ પદે ચૂંટાનારા પ્રથમ કચ્છી છે.

### શ્રી કદઓ મહાજન અમદાવાદની કોવિડ દરદીઓ માટે સહાય

શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા કોરોના દરદીઓ માટે ઓનલાઈન તબીબી સારવાર ઉપરાંત ટિફિન સેવા ફ્રુટ અને જરૂરી દવાઓ (રેમીડેસીવર સિવાય) અને શક્ય હશે તો ઓકસીજનની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવશે.

વધુમાં સરકારી હોસ્પિટલમાં ભરતી અંગે પણ મદદ કરવામાં આવશે. જે અમદાવાદ મહાજનના સભ્યો પુરતી હશે એમ જણાવતા રાજેશ ધરમશીએ કહ્યું હતું કે સહાય માટે દેવેશ દંડ મો. ૮૯૮૦૪ ૬૦૮૨૦ / જયેશ લાલકા ૮૯૮૦૦૧૯૩૦૨/ તેજશ લોડાયા ૯૯૨૫૦ ૧૯૩૩૬ નો સંપર્ક કરવો.

### સવા લખા કચ્છી કાંતિસેન શ્રોફને શ્રદ્ધાંજલિ

સવા લખા કચ્છી ક્રાંતિસેન શ્રોફ જેને કચ્છીઓ કદી વિસરી શકશે નહીં. એમની કારકિર્દીમાં કચ્છ માટે વિવેકાનંદ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ જેવી અનમોલ સંસ્થાની સ્થાપના એકસેલ ઈન્ડસ્ટ્રીઝ જેવા ઉદ્યોગ અને કચ્છ કસબ અને તેમના સેવાકાર્યથી કાંતિસેનભાઈ કચ્છીઓના હૃદયમાં અવિચલ સ્થાન રહેશે. ઈશ્વર એમના આત્માને પરમ ગતિ પ્રદાન કરે એવી પ્ર.સ.ની શ્રદ્ધાંજલિ.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**રતીલાલ હેમરાજ લોડાયા**
(PS 5505) ગામ : કોઠારા
ફ્લેટ નં. K2 - 202, ગોદરેજ એટર્નીટી,
શ્રી કુમારન્સ સ્કૂલની બાજુમાં, ઓફ કનકપૂરા મેઈન રોડ,
હોલીડે વિલેજ રોડ, મલ્લાસેન્દ્રા, બેંગ્લોર KR 560 062
મો.: 094489 99840

**સાવન ગૌતમ મોમાયા**
(PS 7265)
ફ્લેટ નં. 1309 & 1310, ૧૩મા મજલે,
સીલ્વીનો બિલ્ડીંગ, સેનરૂફસ, ગોરેગામ મુલુંડ લીંક રોડ,
મુલુંડ (ઈસ્ટ), મુંબઈ – 400 081
મો.: 098929 82405

**સુર્યકાન્ત વિશનજી લોડાયા**
(PS 2918) ગામ : નાની ખાવડી
૨૦૧, શીવતીર્થ કો. હા. સો., કાર્તિક સ્વામી મંદિરની પાસે,
અંબિકાનગર, ગોગ્રાસ વાડી, ડોંબીવલી (ઈસ્ટ) – 421 201.
મો.: 091675 54110 / 077159 68849

**ચંપકલાલ શામજી ડાઘા**
(PS 3608) ગામ : સાંયરા
ફ્લેટ નં. 104/B, પહેલે માળે, બીલ્ડીંગ નં. ૧,
લક્ષ્મીપાર્ક કો. હા. સો., ખંબલપાડા રોડ, ICICI બેંકની બાજુમા,
ઠાકુરલી (ઈસ્ટ) MH - 421 201
મો.: 090826 60771 / 79777 31943

**હિરાચંદ વિશનજી શાહ (સાન્યા)**
(PS 322) ગામ : સુજાપૂર
ગોવિંદ ભવન, બીલ્ડીંગ નં. ૨૦/૨, ફ્લેટ નં. ૫,
આર. એ. કીડવાઈ રોડ, વડાલા (વેસ્ટ), મુંબઈ – 400 031.
મો.: 098200 51914 / 093212 51914
022 - 2416 8766

**સુર્યકાન્ત મુલજી મૈશરી**
(PS 705) ગામ : લાલા
એ/૪–૨૦૪, મેપલ ઓએસીસ, સાહેબ બંગલોની બાજુમાં,
વી. વી. નગર રોડ, કરમસદ – GJ 388 325
મો.: 098209 91684

**શ્રીમતી જયશ્રી રીધ્ધીસ પાલાણી (ખોના)**
(PS 1004) ગામ : કોઠારા
B-601-602, છઠ્ઠા માળે, F રેસીડન્સી, અમરમહલ જંક્શન,
ચેમ્બુર (વેસ્ટ), મુંબઈ – 400 089.
મો.: 092289 95665 / 098191 27714

**ડેની ચીમનલાલ લાલકા**
(PS 7115) ગામ : વારાપધર
ફ્લેટ નં. ૪૦૫, ચોથે માળે, સપ્તગીરી એનક્લેવ,
થાવાસી નગર એક્સટેનશન, કોવિલ મેડૂ,
કોઈમ્બતૂર TN 641 025
મો.: 094431 51613 / 80728 87287 / 94879 51613

**આણંદજી મુલજી મોતા**
(PS 762)
A-404, મહાલક્ષ્મી પેલેસ, NDR પ્લોટ નં. 27,
નોબલ કેમીસ્ટની પાસે, તિલક નગર, ચેમ્બુર (ઈસ્ટ),
મુંબઈ – 400 089
મો. : 08652 888651

| | |
|---|---|
| **ચેતન નવીનચંદ લોડાયા**<br>(PS 2163) | ટાવર નં. 8, 2206, પાઈનવૂડ કો.હા. સો., રૂણવાલ ગ્રીન્સ,<br>મુલુંડ-ગોરેગામ લીન્ક રોડ, ફોર્ટીસ હોસ્પીટલ પાસે,<br>ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - 400 078<br>મો. : 086520 01616 |
| **સચીન જયંતિલાલ ધરમશી**<br>(PS 7799) | રૂમ નં. 1, ઈશ્વરકૃપા બિલ્ડીંગ, ઘનશ્યામ ગુપ્તે રોડ,<br>ડોન બોસ્કો સ્કુલ પાસે, ડોંબીવલી (વેસ્ટ) MH-421202<br>મો. : 084248 29838 |
| **મહેન્દ્ર વિશનજી લોડાયા**<br>(PS 2125) | 601, એન્કર રેસીડેન્સી, સેનેટેરિયમ લેન,<br>ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - 400 086<br>મો. : 076207 03229 |
| **હિતેશ સૂર્યકાન્ત કુરૂવા**<br>(PS 2868) | B-2008, વીસમા માળે, મણીભદ્ર ટાવર, (સીલ્વર પાર્ક),<br>ઈન્દ્રપ્રસ્થ બીલ્ડીંગ પાસે, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - 400 080<br>મો. : 098204 88529 |
| **લહેરચંદ લાલજી પોલડીયા**<br>(PS 3653) | ૨૦૧, જયમલ્હાર બીલ્ડીંગ, બીજે માળે,<br>ડોનબોસ્કો સ્કુલ પાસે, જયહિંદ સોસાયટી, ઘનશ્યામ ગુપ્તે રોડ,<br>ડોંબીવલી (વેસ્ટ), MH-421202<br>મો. : 087939 19026 / 090220 20495 |
| **કાન્તીલાલ ટોકરશી પોલડીયા**<br>(PS 4335) | બંગલો નં., 7, સેલમ સ્ટ્રીટ,<br>કોવઈ નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ, GJ - 370 020<br>મો. : 098253 75300 |
| **શ્રીમતી કલ્પના રસિક લોડાયા**<br>(PS 2160) | 705, નિલેશ કો.હા.સો., સાતમે માળે, ગવનપાડા,<br>વિદ્યાલય માર્ગ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - 400 081<br>મો. : 098703 57659 / 097693 06160 |

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી

## જીવનચક્ર

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૭-૦૪-૨૧ | આણંદ | તીર્થ, ભાવિની મોહિત કિશોર લોડાયા | | તેરા | પુત્ર |
| ૦૮-૦૪-૨૧ | અમદાવાદ | સમર, જીનલ પાર્થ કિશોર સાંયા | જોડીયા | સૂજાપુર | પુત્ર |
| ૦૮-૦૪-૨૧ | અમદાવાદ | સમાયરા, જીનલ પાર્થ કિશોર સાંયા | જોડીયા | સૂજાપુર | પુત્રી |
| ૦૭-૦૫-૨૧ | જલગામ | કિઆના, મિરલ સિદ્ધાંત પોલડીયા | | બાયઠ | પુત્રી |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૪-૨૦૨૧ | મુલુંડ | આકાશ વિજય નારણજી ધરમશી | સાંયરા | ૨૬ |
| | ઐરોલી | કુંજલ અજય દામજી શાહ (લોડાયા) | સાંયરા | ૨૪ |
| ૧૩-૦૪-૨૦૨૧ | જલગાંવ | ભાવિન લહેરચંદ મોરારજી પોલડીયા | ગોએરસમા | ૨૯ |
| | ડોંબીવલી | જીનલ તુષાર બીપીનકુમાર નાગડા | નલિયા | ૨૫ |
| ૧૩-૦૪-૨૦૨૧ | ડોંબીવલી | વિરાજ જવેરચંદ દામજી ધ્રોળ | કોટડી મહાદેવપુરી | ૨૯ |
| | ડોંબીવલી | ફોરમ હિરેન લખમશી ધરમશી | તેરા | ૨૬ |
| ૧૫-૦૪-૨૦૨૧ | ડોંબીવલી | કપિલ ભરત જવેરચંદ ધરમશી | કોઠારા | ૩૩ |
| | ભાંડુપ | અક્ષતા નીતીન મણીલાલ ધરમશી | લાલા | ૨૯ |
| ૧૮-૦૪-૨૦૨૧ | અહમદનગર | નિરવ યશપાલ લક્ષ્મીચંદ લોડાયા | રાપર | ૨૭ |
| | હૈદ્રાબાદ | માનસી પારસ હિરાચંદ ધરમશી | કોઠારા | ૨૫ |
| ૨૦-૦૪-૨૦૨૧ | ડોંબીવલી | ચિંતન મહેશ હીરજી મોતા | રાપર ગઢવારી | ૨૮ |
| | ડોંબીવલી | પૂર્વા રાયચંદ દેવશી મુનવર (જીવાણી) | જખૌ | ૨૯ |
| ૧૪-૦૫-૨૦૨૧ | ઘાટકોપર | હર્ષ મનોજ માણેકજી દંડ | બાયઠ | ૨૬ |
| | નાંદેડ | ટીના પારસ કુલીનકાંત નાગડા | તેરા | ૨૫ |
| ૧૪-૦૫-૨૦૨૧ | ડોંબીવલી | તેજસ પ્રવિણ કુંવરજી મોતા | સાંધવ | ૨૩ |
| | ડોંબીવલી | એકતા લહેરચંદ નરશી લોડાયા | રાપર ગઢવારી | ૨૩ |
| ૧૪-૦૫-૨૦૨૧ | ડોંબીવલી | પ્રિન્સ વિનીત ધનજી ધરમશી | કોઠારા | ૨૬ |
| | ડોંબીવલી | કાજલ જવેરચંદ દામજી મૈશેરી | નાની સિંધોડી | ૨૫ |
| ૧૪-૦૫-૨૦૨૧ | ડોંબીવલી | સુરજ યતીન ધનજી મૈશેરી | સાંધાણ | ૩૧ |
| | ડોંબીવલી | ડિમ્પલ કુલીન શિવજી લોડાયા | આરીખાણા | ૨૮ |
| ૧૪-૦૫-૨૦૨૧ | ગોરેગાંવ | આદીત ચેતન માણેકચંદ્ર ખોના | નલિયા | ૨૮ |
| | ડોંબીવલી | ભૂમિ હરીશ જીવરાજ મોમાયા | સાંયરા | ૨૬ |

## સગપણ છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૩-૨૦૨૧ | ઈંદોર | મલય સુનિલ મેઘજી મોતા | તેરા | ૩૧ |
| | ઈંદોર | માનસી દિપક શામજી લોડાયા | જખૌ | ૨૯ |

## આંતર જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૩-૨૦૨૧ | ડોંબીવલી | હિત સુરેશ મુરજી નાગડા | રાપર | ૨૭ |
| | ડોંબીવલી | શ્રેયા દામજી ફૂરિયા | બીદડા | -- |
| ૧૩-૦૪-૨૦૨૧ | બોરીવલી | નિમેશ પ્રિતમ તારાલાલ પરદેશી | ખંડવા | ૨૬ |
| | કાંદિવલી | કરિશ્મા શશીકાંત પાસુભાઈ શાહ | મોટી ખાવડી | ૩૦ |
| ૧૩-૦૪-૨૦૨૧ | વાશી | પાર્થ ભૈરેશ રસિકલાલ પરીખ | આંતરસુબા | ૨૬ |
| | સાનપાડા | પાયલ ભરત મુલજી ખોના | સુથરી | ૨૬ |
| ૧૩-૦૪-૨૦૨૧ | ડોંબીવલી | ગૌરવ સુભાષ ગોવિંદજી લોડાયા | મોટી ખાવડી | ૨૫ |
| | ડોંબીવલી | અપૂર્વા સુધીર રામચંદ્ર ચવ્હાણ | ચિપલુન | ૨૨ |
| ૦૯-૦૫-૨૦૨૧ | ડોંબીવલી | નયન નવિનચંદ્ર નરશી સાયલા | મંજલ રેલાડીયા | ૨૯ |
| | ભાયંદર | ગુંજન નરેન મોરારજી સોની | દેશલપર કંઠી | ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૫-૨૦૨૧ | મુલુંડ | રવિ અરવિંદભાઈ વેલજીભાઈ સતરા | સુવઈ | ૨૯ |
| | કલવા | કિંજલ ભાવેશ કલ્યાણજી લોડાયા | મોટી ખાવડી | ૨૬ |
| ૧૪-૦૫-૨૦૨૧ | વડાલા | દિવ્યાંશ સલીલ સુશીલ શાહ | વારાણસી | ૨૨ |
| | માટુંગા | માહી વયેશ ધનરાજ મુનવર | જખૌ | ૨૨ |
| ૧૪-૦૫-૨૦૨૧ | ડોંબીવલી | દીપ કિરીટ ધનજી દંડ | સેવક ભરૂડિયા | ૨૯ |
| | ટીટવાલા | શ્રુતિ સરેશરાવ જયવંતરાવ કુલકર્ણી | કલ્બુગી | ૩૧ |
| ૧૪-૦૫-૨૦૨૧ | ડોંબીવલી | સુમિત અખિલ વાલજી નાગડા | જખૌ | ૩૦ |
| | મુલુંડ | જીલ દિનેશ વેલજી ગોસર | ડુમરા | ૨૯ |
| ૧૪-૦૫-૨૦૨૧ | મુલુંડ | આયુષ નરેશ રાયચંદ મોતા | લાલા | ૨૭ |
| | મુલુંડ | અલીશા પંકજ ચત્રભુજ શેઠ | ભડારીયા | ૨૭ |
| ૧૬-૦૫-૨૦૨૧ | મુલુંડ | રાજ સંદિપ નવિનચંદ્ર શાહ | ભુજ | ૨૫ |
| | મસ્જિદ બંદર | મિત્તલ તીલેશ તારાચંદ ધરમશી | સુથરી | ૨૪ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૪-૨૧ | દિવા | તેજશ જીજ્ઞેશ મુલજી ખોના | સુથરી | ૨૯ |
| ભૂલ સુધાર | હુબલી | વામીની હિરેન ભદ્રિકચંદ નાગડા | નલિયા | ૨૫ |

(તા. ૨૦.૪.૨૧, અંક નં. ૧૨માં ભૂલથી આંતરજ્ઞાતિ સગપણના શિર્ષકમાં પણ છપાઈ ગયું છે.)

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૪-૨૧ | મુલુંડ | અક્ષિત સુભાષ જીવરાજ વોરા | રંગપૂર | ૨૯ |
| | મુલુંડ | હેતલ ધનપતિ ભવાનજી લોડાયા | નલિયા | ૨૯ |
| ૨૬-૦૪-૨૧ | ગોરેગામ | કૃષ્ણ શિરીષ જવેરચંદ કુરૂવા | ગોધરા | ૩૧ |
| | હૈદ્રાબાદ | રીતિકા લલિતકુમાર ટોકરશી લોડાયા | રાપર | ૨૭ |
| ૩૦-૦૪-૨૧ | નાગપુર | નીલય મણિલાલ લોડાયા | સાંયરા | ૩૦ |
| | કૂચના (મહા.) | રક્ષા નરેન્દ્ર ગોવિંદજી મૈશરી | જખૌ | ૨૭ |
| ૩૦-૦૪-૨૧ | થાણા | જીનેન ગિરીશ વર્ધમાન ધરમશી | નલિયા | ૩૨ |
| | વિદ્યાવિહાર | જીગ્ના ભરત હિરાચંદ ડાઘા | વરાડીયા | ૩૦ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૪-૨૧ | બેંગલૂરૂ | હર્ષિત હીરાલાલ માણેકજી સેઠી (જૈન) | ઝાલરા પાટણ (રાજ.) | |
| | ઈંદોર | સૌમ્યા સુધિર પાસુભાઈ લોડાયા | નલિયા | ૨૬ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૪-૨૧ | અમદાવાદ | રાજુલાબેન નલીન મોમાયા | વરાડીયા | ૭૫ |
| ૦૧-૦૪-૨૧ | નખત્રાણા | રમેશચંદ્ર મેઘજી દંડ | લુણી | ૬૯ |
| ૦૧-૦૪-૨૧ | માટુંગા | કસ્તૂરીબેન લહેરચંદ સોની | સુથરી | ૭૧ |
| ૦૧-૦૪-૨૧ | વસઈ | મૂલરાજ માણેકજી ખોના (પાલાણી) | કોઠારા | ૬૬ |
| ૦૨-૦૪-૨૧ | નાસીક રોડ | ચંદ્રકાન્ત પદમશી ધરમશી | સુથરી | ૮૦ |
| ૦૩-૦૪-૨૧ | ખરગોન | જિતેન્દ્ર નવીનચંદ્ર લોડાયા | સુથરી | ૬૦ |
| ૦૪-૦૪-૨૧ | હૈદરાબાદ | કસ્તૂરીબાઈ વાલજી ધરમશી | કોઠારા | ૮૮ |
| ૦૪-૦૪-૨૧ | વિરાર | દક્ષાબેન રાજેન્દ્ર ગોસર | ગોએરસમા | ૫૭ |
| ૦૪-૦૪-૨૧ | ગાંધીધામ | નિરૂપમા શરદચંદ્ર નાગડા | નલિયા | ૭૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૪-૨૧ | સાંયરા | મધૂરીબાઈ નવીનચંદ્ર લોડાયા | સાંયરા | ૬૯ |
| ૦૫-૦૪-૨૧ | અંધેરી | સૂર્યકાન્ત રાયચંદ લોડાયા | સુથરી | ૭૦ |
| ૦૫-૦૪-૨૧ | ઘાટકોપર | ભારતીબેન રતીલાલ ખોના | તેરા | ૭૧ |
| ૦૬-૦૪-૨૧ | પૂના | પ્રફુલભાઈ શીવજી લોડાયા | નલિયા | ૭૨ |
| ૦૬-૦૪-૨૧ | ઘાટકોપર | ઉર્મિલાબાઈ દેવશી દંડ (કાથાવાલા) | | ૭૮ |
| ૦૭-૦૪-૨૧ | ડોંબીવલી | સરલા નિતીન પોલડીયા | બાયઠ | ૪૬ |
| ૦૭-૦૪-૨૧ | ડોંબીવલી | રતિશ લધૂભાઈ ધરમશી | ગોરખડી | ૫૪ |
| ૦૭-૪-૨૧ | મુલુંડ | પૂનશી લખમશી માલદે (ડાઘા) | દલતૂંગી | ૮૪ |
| ૦૭-૦૪-૨૧ | ઘાટકોપર | હિરાબેન હંસકુમાર છેડા | નલિયા | ૬૪ |
| ૦૮-૦૪-૨૧ | વડોદરા | યોગેન્દ્ર નરશી ગોસર | ગોએરસમા | ૭૭ |
| ૦૮-૦૪-૨૧ | અંતરજાળ | દમયંતીબેન હંસરાજ દંડ | લાલા | ૭૩ |
| ૦૮-૦૪-૨૧ | ડોંબીવલી | નવલબેન નારાણજી મૈશેરી | લાલા | ૭૫ |
| ૦૯-૦૪-૨૧ | મોટી ખાવડી | કાન્તીલાલ નાથાલાલ લોડાયા | મોટી ખાવડી | ૭૫ |
| ૧૦-૦૪-૨૧ | ઘાટકોપર | ચંદ્રકાન્ત પદમશી નાગડા (કક્કા) | નલિયા | ૬૮ |
| ૧૦-૦૪-૨૧ | | ચેતનાબેન પ્રવિણ દોશી<br>(ભાણજી હીરજી રામજી લોડાયા, ગામ ભરૂડીયાની સુપુત્રી) | | ૫૬ |
| ૧૦-૦૪-૨૧ | જખૌ | જેઠીબાઈ ટોકરશી લાલકા | લાલા | ૯૦ |
| ૧૧-૦૪-૨૧ | અંતરજાળ | મીનાબેન વીરચંદ મૈશેરી | સાંધાણ | ૭૩ |
| ૧૧-૦૪-૨૧ | જામનગર | તિલકચંદ જયંતિલાલ ખોના | મોટી ખાવડી | ૬૦ |
| ૧૧-૦૪-૨૧ | મુલુંડ | રંજનાબેન મેઘજી લોડાયા | ગોરખડી | ૭૦ |
| ૧૨-૦૪-૨૧ | ભોપાલ | જયોતિબેન સુધીર મોતા | વાંકૂ | ૬૦ |
| ૧૨-૦૪-૨૧ | ડોંબીવલી | ઉત્તમભાઈ વીરજી ડાઘા | દલતૂંગી | ૫૭ |
| ૧૨-૦૪-૨૧ | નવાપૂર | નિખીલ ગુલાબચંદ લોડાયા | રાપર | ૪૨ |
| ૧૩-૦૪-૨૧ | ડોંબીવલી | પ્રફુલભાઈ ચીમનલાલ મોતા | તેરા | ૫૯ |
| ૧૩-૦૪-૨૧ | બાંદ્રા | રાયચંદ ભવાનજી ધરમશી | કોઠારા | ૭૦ |
| ૧૩-૦૪-૨૧ | નાંદેડ | જયાબાઈ માણેકજી પોલડીયા | બાયઠ | ૮૩ |
| ૧૩-૦૪-૨૧ | બાયઠ | ડૉ. નિલેશ મેઘજી પોલડીયા (પટેલ) | બાયઠ | ૫૧ |
| ૧૪-૦૪-૨૧ | થાણા | ડીમ્પલબેન નલીન ડાઘા | વરાડીયા | ૫૨ |
| ૧૪-૦૪-૨૧ | ડોંબીવલી | સુરેશભાઈ વીરજી ડાઘા | દલતૂંગી | ૭૪ |
